અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ઓગસ્ટ ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ એકાદશી સામાન્ય | અંક : ૧૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દિલ્હી સરકાર દ્વારા સુધારેલા કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે । ખરડો બંને ગૃહોમાં પસાર થઈ ગયો છે

## દિલ્હી સર્વિસ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કેન્દ્રનું જાહેરનામું

### આમ આદમી પાર્ટીએ દિલ્હી સર્વિસ ઓર્ડિનન્સને બદલવા માટેના બિલને સંસદમાં રજૂ કરવામાં આવેલો અત્યાર સુધીનું સૌથી અલોક તાંત્રિક દસ્તાવેજ ગણાવ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૨ ।

સંસદના બંને ગૃહોમાં પસાર થયા બાદ રાષ્ટ્રપતિએ દિલ્હી સેવા બિલને મંજૂરી આપી હતી. આ સાથે ૧૯ મેના રોજ બહાર પાડવામાં આવેલ વટહુકમ હવે કાયદો બની ગયો છે. અગાઉ દિલ્હી સરકારે વટહુકમને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, હવે તે સુધારેલા કાયદાને પડકારશે. દિલ્હી સર્વિસ બિલ સંસદના ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ ૩ ઓગસ્ટે લોકસભામાં પસાર થયું હતું.



લોકસભામાં બહુમતી હોવાને કારણે કેન્દ્ર દ્વારા બિલ પાસ કરાવવામાં થોડી મુશ્કેલી આવી હતી. રાજ્યસભામાં સરકાર પાસે સંખ્યા ઓછી હતી અને તેને પસાર કરાવવાનો પડકાર હતો, પરંતુ ત્યાં પણ સરકારને સફળતા મળી. ૭ ઓગસ્ટ, ખરડો ઉપલા ગૃહમાંથી પણ પસાર કરવામાં આવ્યો હતો. રાજ્યસભામાં બિલના સમર્થનમાં ૧૩૧ વોટ પડ્યા જ્યારે ૧૦૨ સભ્યોએ વિરોધમાં વોટ આપ્યા. આમ આદમી પાર્ટીની અપીલ પર ઈન્ડિયા એલાયન્સમાં સામેલ તમામ પાર્ટીઓએ બિલની વિરુદ્ધમાં વોટિંગ કર્યું. કોંગ્રેસે પણ બિલના વિરોધમાં મતદાન કર્યું હતું. જોકે, ગઠબંધન સભ્ય આરએલડી મતદાનથી દૂર રહ્યા હતા. રાજ્યસભામાંથી બિલ પાસ થયા બાદ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તેને ભારતીય લોકશાહી માટે કાળો દિવસ ગણાવ્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે આ બિલ દિલ્હીની ચૂંટાયેલી સરકારને કામ કરવા દેશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે આ બિલનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય રાજધાનીના લોકોના હિતોનું રક્ષણ કરવાનો છે. જોકે આમ આદમી પાર્ટીએ દિલ્હી સર્વિસ ઓર્ડિનન્સને બદલવા માટેના બિલને સંસદમાં રજૂ કરવામાં આવેલો અત્યારસુધીનું સૌથી અલોકતાંત્રિક દસ્તાવેજ ગણાવ્યો હતો. એટલું જ નહીં જણાવ્યું હતું કે આ બિલથી લોકશાહી કન્વર્ટ થઈ જશે બાબુશાહીમાં. કેન્દ્ર સરકારે ૧૯ મે ૨૦૨૩ના દિવસે દિલ્હીમાં ગ્રુપ-છ અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ માટે એક ઓથોરિટી બનાવવા માટે, નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી વટહુકમ, ૨૦૨૩ લાગૂ કર્યો હતો.

## મણિપુરના મુદ્દે અમને સંસદમાં બોલવા ન દેવાયાઃ લોરહો પફોજ

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સહયોગી પક્ષ નાગા પીપલ્સ ફ્રન્ટ (એનપીએફ)ના એક સાંસદે મણિપુર મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. એનપીએફસાંસદ લોરહો પફોજે કહ્યું કે અમને મણિપુર મુદ્દે સંસદમાં બોલતા અટકાવવામાં આવ્યા હતા. પફોજે કહ્યું કે અમે મણિપુર પર સંસદમાં બોલવા માગતા હતા પરંતુ ઉચ્ચ અધિકારીઓએ અમને મંજૂરી આપી ન હતી.

તેમણે કહ્યું કે હા, અમે ભાજપના સહયોગી છીએ પરંતુ અમારે અમારા લોકો માટે પણ બોલવું પડશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને કોણે અટકાવ્યા હતા? તેના પર પફોજે કહ્યું, “અમારા હાથ બંધાયેલા છે, અમે ભાજપના સાથી છીએ, તેથી અમારે કેટલાક આદેશોનું પાલન કરવું પડશે.” ભાજપે મણિપુરમાં ઘણું કામ કર્યું છે, પર્વતીય વિસ્તારોમાં પણ, પરંતુ તાજેતરમાં જે રીતે આ મુદ્દાને હેન્ડલ કરવામાં આવ્યો તે ખોટું છે. રાહુલ ગાંધીના વખાણ કરતા પફોજે કહ્યું કે, ‘રાહુલ ગાંધી અમારા વિરોધીઓમાંથી છે.

## મહિલાનું ૧.૬૫ કરોડનું મોબાઈલ બિલ આવ્યું

। ફ્લોરિડા, તા.૧૨ ।

ઘણી વખત ઘરમાં ફોન અને વીજળીનું બિલ થોડુ વધારે આવે તો આપણે ખર્ચાઓ પર કાબુ કરવા મંડી જઈએ છીએ. આ એટલા માટે છે કે આપણું બજેટ બગડે નહીં. પરંતુ જ્યારે અમેરિકાના ફ્લોરિડાની એક મહિલા સેલિનાને ફોનનું બિલ મળ્યું તો જાણે તેના પગ નીચેથી જમીન સરકી ગઈ. આ બિલ ૨૦૧,૦૦૦ ડોલર (એટલે કે રૂ. ૧.૬૫ કરોડ)નું હતું. સેલિના તેના ફોનનું બિલ તેના બે ભાઈઓ સાથે શેર કરતી હતી જેઓ વિકલાંગ હતા અને મેસેજ અને ડેટા કમ્યુનિકેશન પર નિર્ભર હતા. પરંતુ તેમ છતાં તેના ફોનનું બિલ સામાન્ય રીતે મહત્તમ ૧૩,૭૧૫.૧૪ આવતું હતું. આવી સ્થિતિમાં સેલિનાને વિશ્વાસ હતો કે બિલ ખોટું છે. સેલિનાએ બિલ સુધારવા માટે તેના સર્વિસ પ્રોવાઈડર ટી-મોબાઈલને કોલ કર્યો. બીજી તરફ ટી-મોબાઈલે દલીલ કરી કે, બિલ એકદમ સાચું છે. સેલિનાના આ દાવા છતાં જ્યારે તેમનું બિલ ૨૦૧,૦૦૦ ડોલર (રૂ. ૧.૬૨ કરોડ)થી વધુ થઈ ગયું તો પણ કંપની તેને સૂચિત કરવામાં નિષ્ફળ રહી.

### ભારતીય રેલવેમાં કન્ફર્મ ટિકિટ મળવી ખૂબ જ મુશ્કેલ

## રિઝર્વ ટિકિટને ૪૮ કલાક પહેલાં રિ-શેડ્યુલ કરાવી શકાય છે

### રિઝર્વેશન કાઉન્ટર પર જઈ અને તેની ફી ભર્યા પછી તરત ટિકિટનું બીજીવાર શેડ્યુલ કરાવી શકાય છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય રેલવેમાં કન્ફર્મ ટિકિટ મળવી ખૂબ જ મુશ્કેલ કામ છે. કન્ફર્મ ટિકિટ મેળવવા માટે તમારે પહેલાથી જ તૈયારી કરવી પડે છે. રજાઓની સિઝનમાં કે તહેવારની સિઝન દરમ્યાન તો પહેલા બુકિંગ કરાવવા જઈએ તો પણ કન્ફર્મ ટિકિટ મળતી નથી. કેટલાક લોકો ઘણીવાર બહુ કોશિશ કરે છે છતા પણ તેમને કન્ફર્મ ટિકિટ મળતી નથી જેથી કરીને તેમનો આખો પ્લાન ચોપટ થઈ જાય છે.અને આ એ લોકો માટે બહુ જ મુશ્કેલ થઈ જાય છે જેને તાત્કાલિક બહાર જવાનું થઈ જાય છે. ભારતીય રેલવે દ્વારા રેલવે મુસાફરો માટે એક સારી સુવિધા આપી છે. માનો કે બહુ જ મહેનત પછી કેટલાક મહિના પહેલા તમને કન્ફર્મ ટિકિટ મળી પણ જાય છે. પરંતુ જે દિવસે મુસાફરી કરવાની હતી તે દિવસે અચાનક બીજો કોઈ પ્રોગ્રામ આવી જવાથી આ ટિકિટને કેન્સલ કરવા અથવા ટ્રાંન્સફર કરવાની નોબત આવે છે તો આવા સમયે થોડા રોકાઈ જાઓ તમારી કન્ફર્મ ટિકિટ કેન્સલ કરવાની જરુર નથી તેના માટે એક આસાન ઉપાય છે. તમારી ટિકિટ રદ કરવા અથવા અન્ય કોઈ બીજી તારીખ માટેની ટિકિટ લેવાની પરેશાનીમાંથી પસાર થવાની જગ્યાએ તમે તમારી



કન્ફર્મ ટિકિટને બીજી કોઈ તારીખ પર બીજી વાર શેડ્યુલ કરી શકો છો. એવુ થઈ શકે છે પરંતુ આને વિશે ઘણા ઓછા લોકોને ખબર હોય છે. પરંતુ હા, તમે તમારી ટિકિટનું શેડ્યુલ બીજી વાર નક્કી કરી શકો છો. જો તમે ભારતીય રેલવેમાંથી ઓફલાઈન બુકિંગ કરાવેલ હોય તો ગાડી ઉપડવાના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા સ્ટેશને પહોંચી જવુ પડશે. કામકાજના સમય દરમ્યાન રિઝર્વેશન કાઉન્ટર પર જઈ અને તેની ફી ભર્યા પછી તરત ટિકિટનું બીજીવાર શેડ્યુલ કરાવી શકાય છે. આ સુવિધા માત્ર ઓફલાઈન ટિકિટ બુક કરાવી હોય તેવા લોકો માટે જ ઉપલબ્ધ છે. યાદ રાખો કે જો તમે તમારી ટિકિટ ઓનલાઈન બુક કરાવી હશે તો તમારે ટ્રેન છોડ્યાના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા રિઝર્વશન કાર્યાલય જવાનું રહેશે.

### આતંકવાદીઓ પર સુરક્ષા દળોએ પકડ વધુ કડક કરી

## કાશ્મીર ખીણમાં સ્થાનિકો સહિત ૧૦૯ આતંકી સક્રિય

। નવી દિલ્હી, તા.૧૨ ।

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ પર સુરક્ષા દળો પોતાની પકડ વધુ કડક કરી રહ્યા છે. વિદેશી (પાકિસ્તાની) અને સ્થાનિક આતંકવાદીઓ સતત એક્રાઉન્ટરમાં માર્યા જાય છે. ગયા વર્ષે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૯૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ વર્ષે ૨૦ જુલાઈ સુધી ૩૫ આતંકવાદીઓ સુરક્ષા દળોની ગોળીઓના નિશાન બન્યા છે. ખાસ વાત એ છે કે તેમાં ૨૭ વિદેશી અને ૮ સ્થાનિક આતંકવાદીઓ સામેલ છે. જમ્મુ-કાશ્મીરમાં ૭૧ ‘પાકિસ્તાની’ આતંકવાદીઓ હાજર છે. સેના અને અન્ય સુરક્ષા દળોનો દાવો છે કે તાજેતરમાં કોઈ મોટી ઘૂસણખોરી થઈ નથી. ઘાટીમાં સક્રિય પાકિસ્તાની આતંકવાદીઓ ઉપરાંત ૩૮ સ્થાનિક આતંકવાદીઓ પણ હાજર છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો સ્થાનિક આતંકવાદીઓને આત્મસમર્પણ કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરે છે. આતંકવાદીઓ દ્વારા આત્મસમર્પણના કિસ્સાઓ પર નજર કરીએ તો ખબર પડે છે કે ૨૦૧૮માં એક, ૨૦૧૯માં એક પણ નહીં, ૨૦૨૦માં ૮, ૨૦૨૧માં ૨ અને ૨૦૨૨માં માત્ર બે જ લોકોએ આત્મસમર્પણ કર્યું છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આતંકવાદી સંગઠનો સારી રીતે જાણે છે કે પોલીસ અને પરિવારના સભ્યો ગુમ થયેલા યુવકની શોધમાં છે. ઘાટીમાં આવા ઘણા ઉદાહરણો છે, જેમાં ઘણા યુવાનોએ હથિયાર છોડી દીધા અને થોડા સમય પછી ફરીથી તેમાં જોડાય છે. આતંકવાદી સંગઠનો ગેરમાર્ગે દોરાયેલા યુવાનોનું બ્રેઈનવોશ કરે છે. આ પછી, જ્યારે તેમને લાગે છે કે તે યુવક હજુ પણ આતંકના માર્ગને સંપૂર્ણપણે અનુસરવા માટે તૈયાર નથી અને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માંગે છે, ત્યારે તેઓ તે યુવકનો આતંકવાદી સંગઠન સાથેનો ફોટો વાયરલ કરે છે. આ રીતે આંતકીઓ યુવકોને પોતાની માયાજાળમાં ફસાવે છે. સુરક્ષા દળોના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે, તાજેતરમાં ઘાટીમાં કોઈ મોટી ઘૂસણખોરી થઈ નથી. શક્ય છે કે આ તમામ વિદેશી આતંકવાદીઓ ઘણા વર્ષોથી ઘાટીમાં ક્યાંક છુપાયેલા હોય શકે છે. હાલમાં ૧૦૯ આતંકીઓ સક્રિય છે. જેમાંથી ૩૮ સ્થાનિક અને ૭૧ વિદેશી છે.

## રાહુલ ગાંધી સપ્ટેમ્બરમાં યુરોપિયન દેશોના પ્રવાસે જશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીને તેમનું સાંસદ સદસ્યતા તેમજ ૧૨ તુગલક રોડ ખાતેનું તેમનું સત્તાવાર નિવાસસ્થાન પરત મળી ગયું છે. હાલ કોંગ્રેસના નેતા રાહુલનો ઉત્સાહ જોશમાં પરીવર્તન જોવા મળી રહ્યો છે આ સાથે રાહુલની સક્રિયતા પણ વધવાની આશા છે. આ અંતર્ગત રાહુલના આગામી વિદેશ પ્રવાસની માહિતી સામે આવી છે. રાહુલ આવતા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં યુરોપિયન દેશોની મુલાકાત લેશે. રાહુલ ગાંધી સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં યુરોપિયન દેશોની મુલાકાત કરશે. કોંગ્રેસ નેતા અને સાંસદ રાહુલ ગાંધી ફરી એકવાર આગામી સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં યુરોપના પ્રવાસે જશે.












ન્યૂઝ બ્રિફ

## ખાનગી કંપનીના ડ્રાઈવરે ઈ ડિલિવરી કરતા વાહનોને આગ લગાડી



। સુરત,તા.૧૧ ।

સુરતના જહાંગીરપુરામાં બે વાહનોને સળગાવી દેવાનો મામલો સામે આવ્યો છે. ડિલિવરી કરતા વાહનોને આગ લગાડી હતી. પોલીસે સુખેન્દ્રસિંઘ રામસિંઘ પટેલની આ બનાવને લઈ ધરપકડ કરી છે. ખાનગી કંપનીના ડ્રાઈવરે જ આગ લગાવી હતી. પોલીસે આ અંગે કડક કાર્યવાહી કરી છે. રાત્રીના સમયે મોકો મળતા પાર્ક કરેલા ટેમ્પો સળગાવી દેવાયો હતો. કંપનીના મેનેજરના કેહવા મુજબ ડ્રાઈવર નશાખોર હતો. ગાંજો પીને નોકરી પર આવતો હોવાથી કાઢી મુક્યો હતો. જે બાદ આ ઘટના ઘટી હતી. નોકરી જવાથી બદલો લેવા અંજામ આપ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જે બાદ આ ઘટના ઘટી હતી. નોકરી જવાથી બદલો લેવા અંજામ આપ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જહાંગીરપુરા પ ોલીસે ફરિયાદ નોંધી છે. સમગ્ર ઘટના CCTVમાં પણ કેદ થઈ છે. પોલીસે CCTV ફૂટેજના આધારે આ સમગ્ર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં ૨૨ વર્ષીય યુવાને જિંદગી ગુમાવી




। અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદના રસ્તા પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આ બનાવ છે લૉ ગાર્ડનથી એલિસબ્રિજ પર જતા ઓવરબ્રિજ પરની. ગુરુવારની રાત્રે સાહિલ અજમેરી નામનો યુવક પોતાની નોકરી પૂરી કરી પોતાના ઘર તરફ ગાયકવાડ હવેલી તરફ જઈ રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા ૨૨ વર્ષીય સાહિલ અજમેરીનું મોત પામ્યું છે. આ ઘટનાની જાણ એમ ટ્રાફિક પોલીસને થતા ટ્રાફિક પોલીસે મૃતક સાહિલ અજમેરીના પરિવારનો સંપર્ક કર્યો હતો. ત્યારે એમ ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, શહેરમાં મોડી રાત્રે અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે હજું ઈસ્કોન બ્રિજ પર બેફામ કામ હંકારીને તથ્ય પટેલે ૯ લોકોના જીવ લીધા છે.

બોટાદના ST બસ મથક વિસ્તારની ઘટના

## સિદ્ધનાથ ભાજીપાઉં રેસ્ટોરેન્ટમાં ચોરીની ઘટના બનતા ખળબળાટ

### સમગ્ર ઘટના મામલે પોલીસ ફરિયાદ નોંધાઇ છે અને પોલીસ હાલ ફરાર આરોપીની શોધખોળમાં લાગી છે

। બોટાદ,તા.૧૧ ।

બોટાદમાં ૯ દિવસ પહેલા એક રેસ્ટોરેન્ટમાં થયેલી ચોરીના (Thef) CCTV ફુટેજ સામે આવ્યા છે. બોટાદના ST બસ મથક વિસ્તારમાં આવેલા સિદ્ધનાથ ભાજીપાઉં રેસ્ટોરેન્ટમાં ચોરીની ઘટના બની હતી. પોલીસ CCTV ફુટેજની તપાસ કરતા ખુલાસો થયો છે. CCTVમાં જોઈ શકાય છે, એક તસ્કર રેસ્ટોરેન્ટમાં ઘૂસે છે, મોબાઈલની ફલેશ ચાલુ કરીને આમતેમ પૈસા શોધે છે, પરંતુ તેને અંધારામાં કઈ પણ દેખાતું




નથી. જે બાદ તે રેસ્ટોરેન્ટના રૂમની લાઈટ શોધે છે, થોડી વાર પછી લાઈટ ચાલુ કરીને તે પૈસાનો ગલ્લો શોધી કાઢે છે. ગલ્લામાંથી પૈસાની ઉઠાંતરી કરે છે અને પૈસાના બંડલ લઈને ફરાર થઈ જાય છે.રેસ્ટોરેન્ટના માલિકના જણાવ્યા પ્રમાણે અંદાજિત ૧૫ હજાર રૂપિયાની ચોરી થઈ હતી.

## લવ જેહાદ કેસઃ સિરાજ પટેલ સામે વધુ એક હિંદુ યુવતીએ ફરિયાદ નોંધાવી

### આ સિરાજ રૂસ્તમ પટેલ ૩ સંતાનો પિતા અને લગ્ને લગ્ને કુંવારો બની હિન્દુ યુવતીઓને નિશાન બનાવતો હોવાનો ભાંડો ફૂટ્યો છે

। ભરૂચ,તા.૧૧ ।

થોડા દિવસ પહેલાં ભરૂચ શહેરમાંથી સામે આવેલા લવ જેહાદ કેસમાં પકડાયેલા આરોપી સિરાજ પટેલ સામે વધુ એક હિંદુ યુવતીએ ફરિયાદ નોંધાવી છે. સિરાજ રૂસ્તમ પટેલે પોતે હિન્દુ તરીકેની ઓળખ આપી ૨ હિંદુ યુવતીઓ પર બળાત્કાર ગુજારવા સાથે મોટી રકમ વસૂલી હોવાની ઘટના સામે આવી છે અને આ સિરાજ રૂસ્તમ પટેલ ૩ સંતાનો પિતા અને લગ્ને લગ્ને કુંવારો બની હિન્દુ યુવતીઓને નિશાન બનાવતો હોવાનો ભાંડો ફૂટ્યો છે. થોડા દિવસ અગાઉ ભરૂચ તાલુકા પોલીસ મથકમાં હિન્દુ યુવતીને



મેહુલ કનુ પટેલ તરીકે ઓળખ આપી પ્રેમ જાળમાં ફસાવી બળાત્કારના પ્રકરણની ફરિયાદ નોંધાઈ હતી અને આજ સિરાજ રુસ્તમ પટેલે ભરૂચ તાલુકાના એક ગામની મામાના ઘરે રહેતી આદિવાસી યુવતીને પણ ગૌતમ વસાવા તરીકે ઓળખ આપી બળાત્કાર ગુજારવા સાથે ૬૭,૦૦૦ પડાવ્યા હોવાની વધુ એક ઘટના સામે આવતા સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ ગઈ છે. ભરૂચના એક ગામમાં ૩ સંતાનના પિતાએ હિન્દુ તરીકે ઓળખ આપી એક હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર ગુજારીઓ હોવાની ફરિયાદ બાદ આજ નરાધમે instagram ઉપર આદિવાસી તરીકે ગૌતમ વસાવાની આઈડી બનાવી આદિવાસી યુવતીને પ્રેમ જાળમાં ફસાવી બળાત્કાર ગુજારી તેના ફોટા પાડી ૬૭ હજારની ખંડણી વસૂલી હોવાની ફરિયાદ ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાય હોવાની માહિતી સામે આવી છે.

## દૂધસાગર રોડ પર પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ

। રાજકોટ,તા.૧૧ ।

રાજકોટમાં દૂધસાગર રોડ પર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા રસ્તા પર જાણે નદી વહેવા લાગી હોય દેવા દ્રશ્યો સામે આવ્યા છે. આજે વહેલી સવારે દૂધસાગર રોડમાંથી પાણી બહાર નીકળતાં લોકો આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. જે પછી લોકોને જાણ થઈ હતી કે પાઈપલાઈનમાં ભંગાણ થવાના કારણે પાણીના ફોર્સથી રોડ તૂટી ગયો હતો અને પાણી બહાર આવી રહ્યું હતું. જોતજોતામાં રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જે અંગે સ્થાનિકોએ તંત્રને જાણ કરતાં તાત્કાલિક સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું.

જૂનાગઢમાં SRP જવાનના મોતનો મામલો

## SRP જવાનના મોત મામલે હાઇકોર્ટે અધિકારીઓના ઉધડા લીધા

### ૫ મહિના બાદ ફરિયાદ ન નોંધાતા હાઇકોર્ટે તત્કાલિન એસપી રવિ તેજા પોલીસ ઇન્સ્પેક્ટરને વેધક સવાલો કર્યા

। જૂનાગઢ,તા.૧૧ ।

જૂનાગઢમાં પોલીસ ડ્રાઈવરના રહસ્યમય મૃત્યુ કેસમાં હાઈકોર્ટે પોલીસ અધિકારીઓની ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા છે. SRP જવાનના રહસ્યમય મોતના ૫ મહિના બાદ પણ ફરિયાદ ન નોંધાતા હાઈકોર્ટે આજે જૂનાગઢના તત્કાલિન એસપી રવિ તેજા અને એ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટરને વેધક સવાલો કર્યા હતા.

હાઈકોર્ટે બંન્ને પોલીસ અધિકારીઓને સવાલ કરતાં કહ્યું કે, માર્ચથી અત્યાર સુધીમાં શું તપાસ કરી તે અંગે રિપોર્ટ માગ્યો તેમજ હાઈકોર્ટે સાંજ સુધીમાં હત્યાની ફરિયાદ નોંધી સમગ્ર કેસ અંગે ગૃહસચિવને જાણ કરવા પણ હુકમ કર્યો છે. હાઈકોર્ટે સમગ્ર કેસમાં તત્કાલિન એસપી રવિ તેજાને સવાલ કર્યો કે હત્યા બાદ એસપી તરીકે શું તેમણે મૃતકના શરીર પર ઈજાના નિશાન જોયા હતા? શું પોલીસ જવાન ડ્રાઈવર છે તો તેમના મોતને ગંભીરતાથી નહીં લેવાનું?

હાઈકોર્ટે કહ્યું હતું કે, માર્ચથી લઈ અત્યાર સુધીમાં તમે શું કર્યુ તેમજ શું તમે SP તરીકે ફોટોગ્રાફસ જોયા છે ?. કોર્ટે PIને સવાલ કર્યો હતો કે, તમે અત્યાર સુધીમાં શું કર્યુ. કોર્ટે કહ્યું હતું કે, બંન્ને અધિકારીઓએ ગંભીર ગુનામાં બેદરકારી દર્શાવી છે જે અંગે ગૃહ સચિવને આ અંગે જાણ કરો. હાલ તિરસ્કારનો કેસ કરી રહ્યાં નથી. સમગ્ર કેસ અંગે ગૃહ સચિવને જાણ કરવા કોર્ટનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના વલણને લઈને પોલીસ અધિકારીઓએ પણ રિપોર્ટ પેન્ડિંગ હોવાના ગોળ ગોળ જવાબ આપ્યા હતા. મહત્વનું છે કે, માર્ચ ૨૦૨૩માં જુનાગઢમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા બ્રિજેશ લાવડિયાની લાશ મળી હતી. ઝાડ પર લટકતી લાશને લઈને પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધ્યો હતો. જો કે પોસ્ટમોર્ટમમમાં તેમના શરીર પર માર મરાયાના નિશાનો જોવા મળ્યા હતા. પરિવારજનોએ પોલીસના જવાનો દ્વારા કોઈ કારણોસર બ્રિજેશ લાવડિયાની હત્યા કરી દેવાઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે હત્યાની આશંકા વચ્ચે પોલીસે સમગ્ર મામલે ૫ મહિનાથી ફરિયાદ ન નોંધતા આ મામલે હત્યાની આશંકા વધુ મજબૂત બની હતી. જેને લઈને મૃતકના પરિવારજનોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

ફોર્ચ્યુન અને ઇકો કાર વચ્ચે થયો અકસ્માત

## નવસારીના ચીખલી તાલુકાના ચિતાલી ગામે બે કાર વચ્ચે ટક્કર થઈ

### કારમાંથી દારૂની બોટલ લઈને લોકો ત્યાંથી નીકળી ગયા

। નવસારી,તા.૧૧ ।

નવસારીના ચીખલી તાલુકાના ચિતાલી ગામે બે કાર વચ્ચે ટક્કર થઈ હતી. જોકે આ બંને કાર માથી એક કારમાં દારુ ભરેલો હતો. જેને લૂંટવા લોકોની પડાપડી કરી. દારૂ લૂંટના વાયર વીડિયોના આધેરે પોલીસ તપાસ શરૂ કરી છે.

નવસારીના ચીખલીના ચિતાલી ગામે કાર અને ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વિદેશી દારૂ ભરેલી કારે ઈકોને અડફેટે લીધી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનોએ કારમાંથી દારૂની લૂંટ ચલાવી હતી. કારમાંથી દારૂની બોટલ લઈને લોકો ત્યાંથી નીકળી ગયા હતા. દારૂના લૂંટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેથી પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી.નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ચિતાલી ગમે એક ફોર્ચ્યુનર ગાડીના ચાલક બોડવાક જઈ રહ્યા હતા. જે દરમ્યાન ફોર્ચ્યુનર ગાડી આગળ જતી ઈકો સાથે અથડાવી હતી. અકસ્માતમાં ફોર્ચ્યુનર ગાડી રોડની સાઈડમાં ઉતરી ગઈ. જે ઘટનામાં ઈકો કારને થયેલા નુકસાનનો ખર્ચ ફોર્ચ્યુનર કારના જયદીપ સુમન પટેલે દ્વારા આપવા સંમતી આપી હતી. પરંતુ આ સ્થળ પર લોકોનું ટોળું એકત્ર થતા મોકો જોઈને ફોર્ચ્યુનર કારનો ચાલક જયદીપ ફરાર થઈ ગયો હતો. અકસ્માત સમયે ફોર્ચ્યુનરમાં દારુનો જથ્થો હોવાનું જણાતા લોકોએ દારૂ માટે લૂંટ મચાવી હતી. નવસારીના ચીખલીના ચિતાલી ગામે કાર અને ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વિદેશી દારૂ ભરેલી કારે ઈકોને અડફેટે લીધી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનોએ કારમાંથી દારૂની લૂંટ ચલાવી હતી. કારમાંથી દારૂની બોટલ લઈને લોકો ત્યાંથી નીકળી ગયા હતા. દારૂના લૂંટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેથી પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી.નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ચિતાલી ગમે એક ફોર્ચ્યુનર ગાડીના ચાલક બોડવાક જઈ રહ્યા હતા. જે દરમ્યાન ફોર્ચ્યુનર ગાડી આગળ જતી ઈકો સાથે અથડાવી હતી. અકસ્માતમાં ફોર્ચ્યુનર ગાડી રોડની સાઈડમાં ઉતરી ગઈ. જે ઘટનામાં ઈકો કારને થયેલા નુકસાનનો ખર્ચ ફોર્ચ્યુનર કારના જયદીપ સુમન પટેલે દ્વારા આપવા સંમતી આપી હતી.



વહેલી સવારે ટાઉન હોલના બ્રિજ પર અકસ્માત થયો હતો. જેમાં જમાલપુરના એક બાઈક ચાલકનું મૃત્યુ થયું હતું.

સુરતમાં ફરી એક વાર બે તબીબો વચ્ચે મારામારી

## સ્મીમેર હોસ્પિટલમાં જુનિયર અને સિનિયર તબીબો વચ્ચે મારામારીની ઘટના બની

### ફોરેન્સિક વિભાગના ઇન્ચાર્જ HOD પ્રણવ પ્રજાપતિ પર જૂનિયર તબીબ દિપક સિંઘલે હુમલો કર્યો અને માર પણ માર્યો

। સુરત,તા.૧૧ ।

સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબોને (Doctor) સારવારમાં ઓછો અને મારામારીમાં વધુ રસ હોય તેમ લાગી રહ્યું છે. સુરતમાં ફરી એક વાર બે તબીબો વચ્ચે મારામારીની ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. ફરી એકવાર સ્મીમેર હોસ્પિટલમા જુનિયર અને સિનિયર તબીબો વચ્ચે મારામારીની ઘટના બની. ફોરેન્સિક વિભાગના ઈન્ચાર્જ HOD પ્રણવ પ્રજાપતિ પર જૂનિયર તબીબ દિપક સિંઘલે હુમલો કર્યો અને માર પણ માર્યો.ભોગ બનનાર તબીબ પ્રણવ પ્રજાપતિનું માનીયે તો તબીબ દિપક સિંઘલ ફરજ પર આવ્યાં નહતા. જેથી બીજા દિવસે તેમને ગેરહાજર રહેવા અંગે કારણ પૂછવામાં આવ્યું હતું, પરંતુ દિપક સિંઘલ જબાવ આપવાને બદલે ઉશ્કેરાયો હતો અને તું પૂછવા વાળો કોણ તેમ કહી હુમલો કરી દીધો હતો. એટલું જ નહીં હવે જો દખલગીરી કરીશ તો જાનથી મારી નાંખીશ તેવી પણ ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો છે. હાલ તો પ્રણવ પ્રજાપતિએ દિપક સિંઘલ સામે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદને આધારે આગળની તપાસ હાથ ધરી છે.

વિશેષ

લગ્ન કરવા અને તેને સફળ બનાવવા વચ્ચે ખુબ અંતર છે....

# અમે મિત્રો છીએ સાથે ચાલીશુ.....

### લગ્ન કરવામાં આવ્યા બાદ સામાન્યરીતે પસંદગીના સાથી પણ નાપસંદવાળા બની જાય છે : મિત્રતાના રંગને મજબુત રાખવાની જરૂર

લગ્ન કરવા અને તેને સફળ બનાવવાની બાબત બે જુદી જુદી છે અને તેમના વચ્ચે ખુબ અંતર પણ છે. સામાન્યરીતે અમે જોઈ રહ્યા છીએ કે લગ્ન પહેલા જેના વગર અમે રહી શકતા નથી તે લગ્ન કરવામાં આવ્યા બાદ થોડાક સમયમાં જ નાપસંદ સાથી તરીકે રહી જાય છે. આવી સ્થિતી ન સર્જાય તે માટે પરિણિતી લાઈફમાં પણ મિત્રતાના રંગને મજબુત રાખવાની જરૂર હોય છે. લવ મેરિજ અને અરેન્જ મેરિજ બન્નેમાં મિત્રતાના રંગને મજબુત કરવાના પ્રયાસ કરવા જોઈએ. લગ્ન ખુબ સારા સંબંધ તરીકે છે. પ્યાર, સમર્પણ અને વિશ્વાસ પર આધારિત રહીને લાઈફમાં રંગ ઉમેરે છે અને જીવનભર જુદા જુદા રંગ ઉમેરે છે. પરંતુ જો તેમાં થોડીક પણ કડવાસ આવી જાય તો મુશ્કેલી સર્જાય છે. લગ્ન જીવનમાં ક્યારેય કડવાસ આવી જાય તે અંગે ખબર પડતી નથી, હકીકતમાં માત્ર એકબીજાને પસંદ કરવાની બાબતથી કામ ચાલતુ નથી. સંબંધને સમર્પણ ભાવના સાથે સાચવવાની પણ જરૂર પડે છે. એક સુખદ લગ્નના વિજ્ઞાનને લઈને કેટલાક વૈજ્ઞાનિકો નવી નવી શોધ પણ કરી ચુક્યા છે. તેમાં કેટલાક લોકો માને છે કે આ સંબંધમાં મજબુત મિત્રતા હોવી જોઈએ. જ્યારે કેટલાક માને છે કે પારસ્પરિક વાતચીત અને તેના પ્રત્યે સમર્પણને લઈને આગળ વધવામાં આવે તો સફળ લગ્ન સાબિત થાય છે. મનૌવૈજ્ઞાનિકો નક્કરપણે માને છે કે પરિણિતી દંપત્તિને આ વાત સમજાવવી પડશે કે લગ્ન માત્ર એક શબ્દ નથી પરંતુ તેમાં કેટલીક બાબતો જોડાયેલી છે. આ શબ્દમાં ખુબ ઘેરાઈ રહેલી છે. જેમાં એકબીજાને સમજવાની ઘેરાઈનો સમાવેશ થાય છે. સંબંધોને નિભાવવાની ઘેરાઈનો સમાવેશ થાય છે. સાચા પ્રેમની ઘેરાઈ તેમાં રહેલી છે. આ ઉપરાંત એકબીજા પ્રત્યે પૂર્ણ વિશ્વાસની ઘેરાઈ રહેલી છે. આ તમામ બાબતોને સાબિત કરવા માટે લગ્ન જીવનમાં અને સંબંધમાં થોડાક પ્રમાણમાં મિત્રતાના રંગને મિલાવી દેવાની હવે જરૂર ઉભી થઈ છે. એકબીજા સાથે અમે કઈ રીતે વાત કરી રહ્યા છીએ અને પોતાની વાત એક બીજા સાથે શેયર કરવાની બાબત પણ આજે ઉપયોગી બની ગઈ છે. સંબંધને દોસ્તાના વ્યવહારથી મજબુતી મળે છે. વોશિંગ્ટન યુનિવર્સિટીના પ્રોફેસર ગૌટંન લગ્નના સંબંધને લઈને છેલ્લા ત્રણ દશકથી રિસર્ચ કરી રહ્યા છે. તેમને એક સફળ લગ્ન માટે ઘેરી મિત્રતાને ચાવીરૂપ ગણાવી છે. પોતાની લવ લેબમાં તેઓએ પરિણિતી દંપત્તિના સ્વભાવને લઈને કેટલાક પરિક્ષણ કર્યા છે. ગૌટમેને ૭૦૦ દંપત્તિ પર વાતચીત દરમિયાન તેમની ભાવના અને ટેન્શનના સ્તર તેમજ હાર્ટની ગતિની ચકાસણી કરી હતી. આ તપાસ બાદ તેમને તારણ આપ્યા કે લગ્નને સફળ બનાવવા માટે એક ખાસ વિજ્ઞાન હોય છે અને તે છે દોસ્તી. જ્યારે બે લોકો એકબીજા સાથેનો આનંદ અને મજા માણે છે ત્યારે તેઓ ખુશ રહે છે. ગૌટમેન કહે છે કે જો નવ દંપતિ કોઈ વાતને લઈને લડાઈ કરે તો પણ સમજી લેવાની જરૂર છે કે તેમના લગ્ન જીવનમાં કોઈ પ્રકારની તકરાર છે. એક સફળ લગ્નજીવનમાં હળવી લડાઈ વિચારોની શક્ય છે. લગ્નને સાચવી લેવાની બાબત પણ ઉપયોગી સાબિત થાય છે. એક અન્ય શોધમાં જાણવા મળ્યુ છે કે લગ્ન તો કોઈ પણ વ્યક્તિ કરી લે છે પરંતુ તેને સાચવી રાખવાની બાબત કેટલાક લોકો માટે શક્ય હોતી નથી. અમારી આસપાસ કેટલાક લોકો એવા પણ છે જે પોતાના લગ્નને તો પસંદ કરે છે પરંતુ આ સંબંધને સંભાળી શકતા નથી. કેલિફોર્નિયા યુનિવર્સિટીના મનૌવૈજ્ઞાનિકોએ અભ્યાસ બાદ દાવો કર્યો છે કે માત્ર પોતાના સાથીની પસંદગી કરવી જ પુરતી હોતી નથી. પરંતુ સંબંધોને મજબુત રાખવા અને તેને જીવંત રાખવાની બાબત પણ ખુબ ઉપયોગી સાબિત થાય છે. આના માટે લગ્નના અર્થને સમજી લેવાની જરૂર છે. જો કોઈ વ્યક્તિ એમ કહે છે કે તે પોતાના લગ્નને લઈને સંપૂર્ણ સમર્પિત છે તો આનો મતલબ એ બિલકુલ નથી કે તે ચોક્કસપણે સમર્પિત છે. બોલવા અને કરવામાં પણ ખુબ અંતર છે.કારણ કે કેટલાક કેસમાં જાણવા મળ્યુ છે કે સામાન્ય રીતે આવી વાત કરનાર પણ તલાક સુધી પહોંચી જાય છે. વૈજ્ઞાનિકોએ આ પરિક્ષણ કરવા માટે ૧૭૨ દંપતિને લીધા હતા. તેમાં મોટા ભાગના દંપતિના લગ્નને ૧૧ વર્ષ થઈ ગયા હતા. તેમને જાણવા મળ્યુ કે આ દંપત્તિ ચોક્કસપણે લગ્નને લઈને સમર્પિત હતા. આવા સમર્પણથી લગ્નને આગળ વધારી શકાય છે. લગ્નવ દોસ્તી કરતા ખુબ આગળ છે. એક સારા મિત્ર સારા જીવનસાથી તરીકે સાબિત થઈ શકે તે બાબત જરૂરી નથી. ચોક્કસપણે આ સંબંધમાં મિત્રતા ઉપયોગી છે એ મિત્રતા વિશ્વાસની ભાવના જગાવે છે. જે લગ્ન માટે ખુબ જરૂરી છે. વ્યક્તિની લાઈફમાં મોટા ભાગે એક સમાન સમસ્યા સામાન્ય રીતે આવતી હોય છે. સાવધાન અને સજાગ રહીને જો આ સમસ્યાને હાથ ધરવામાં આવે તો આ સમસ્યાને સરળતાથી ઉકેલી શકાય છે. જો ગંભીરતા રાખવામાં ન આવે તો લગ્ન જીવન કેટલાક કેસોમાં તુટી જાય છે. જ્યારે કેટલાક કેસોમાં લગ્ન જીવન નરક બની જાય છે. લગ્ન જીવનમાં મોટા ભાગે જે સમસ્યા આવે છે તેમાં સૌથી મોટી બાબત વિશ્વાસના અભાવની રહે છે. વિશ્વાસઘાત સંવેદનશીલ લગ્ન જીવનમાં એક ખુબ જ સામાન્ય સમસ્યા તરીકે રહે છે. તેમાં ચેડા કરવા અને ઈમોશનલ અફેયર હોવાની બાબત સામેલ છે. આ સમસ્યાની પાછળ જુદા જુદા કારણો હોય છે. કેટલાક દંપત્તિ તો આ સમસ્યાનો ઉકેલ શોધવાના સંઘર્ષમાં જ લાગેલા હોય છે.

ન્યૂઝ બ્રિફ

## મુરાદાબાદમાં ભાજપના નેતાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ




। મુરાદાબાદ, તા.૧૨ ।

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં ભાજપ નેતાની ત્રણ બદમાશોએ ગોળી મારી જાહેરમાં કરી હત્યા હોવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાના સમયે ભાજપના નેતા એપાર્ટમેન્ટની બહાર વૉક પર નીકળ્યા હતા. આ દરમિયાન જ બાઈક સવાર હુમલાખોરો એકાએક આવ્યા હતા અને તાબડતોબ ગોળીઓ ચલાવી તેમને મોતને ઘાટ ઉતારી દીધા. પોલીસે ચાર આરોપીઓ સામે એફઆઈઆર દાખલ કરી છે.

ભાજપ નેતાની ઓળખ અનુજ ચૌધરી તરીકે છે. માહિતી અનુસાર આ હત્યારાઓ એકાએક સોસાયટીમાં ધસી આવ્યા હતા. તેમણે પહેલી ગોળી અનુજને ચાલુ બાઈક પરથી જ મારી દીધી. જ્યારે તે ઢળી પડ્યા તો તેમને એક પછી એક ત્રણ ગોળીઓ મારી દીધી. માથામાં ગોળીઓ મારવામાં આવી હતી.

## હરિયાણાના નૂહમાં સરકારી યોજનાના ઘરો પર પણ બૂલડોઝર ફેરવાયું



। રોહતક, તા.૧૨ ।

પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટના આદેશ કોમી રમખાણો સહન કરી ચૂકેલા નૂહમાં બુલડોઝર એક્શનની કાર્યવાહી અટકી તો ગઈ છે પણ તેના પહેલા હરિયાણા સરકારે નૂહમાં ૧૨૦૮ જેટલા બાંધકામો ધ્વસ્ત કરી નાખ્યાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. જોકે મોટાભાગે બુલડોઝરની કાર્યવાહી એક ખાસ સમુદાયના લોકોને લગતી મિલકતો પર જ કરાઈ હોવાનું સામે આવ્યું છે. આ બુલડોઝર ગરીબી રેખા નીચે જીવતા એ પરિવારો ઉપર પણ ફેરવી નખાયું જેમને સરકારી યોજના હેઠળ મકાન મળ્યા હતા. ગેરકાયદે બાંધકામ હોવાનો દાવો કરીને સરકારે કરેલી કાર્યવાહીમાં તંત્રએ એટલી ઉતાવળ બતાવી કે ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે ઈન્દિરા આવાસ યોજના તથા પ્રિયદર્શની આવાસ યોજના હેઠળ ૨૦૧૨-૧૩માં બનાવાયેલા બે મકાનોને પણ ધ્વસ્ત કરી નખાયા.

## રુમાલ વેચતા વેપારીના પુત્રએ જેઈઈ મેઈન્સમાં ૯૯.૨ ટકા મેળવ્યા



। નોઈડા, તા.૧૨ ।

નોઈડા વિસ્તારમાં રિક્ષામાં રુમાલ રાખીને વેચતા બલવંતસિંહના પુત્રએ દિલ્હી ટેક્નિકલ યુનિવર્સિટીમાં એકમિશન મેળવ્યું છે. મુળ તો તેઓ અલીગઢના રહેવાસી છે. પરંતુ બલવંતસિંહ નોઈડા સેક્ટર ૩૭ થી ૧૮ ની બાજુમાં આવતાં રોડ પર એટલે કે નોઈડા દાદરી રોડ પર સેક્ટર ૩૮ પર ૨૫ વર્ષથી રુમાલ વેચવાનો ધંધો કરે છે. બળવંતસિંહનું કહેવું છે કે તે આખો દિવસ ઠંડી, ગરમી કે વરસાદમાં બારેમાસ આ રોડ પર ઊભા રહ્યા બાદ ૧૦૦૦ સુધી માંડ કમાણી કરે છે.



નૂહમાં કેટલાક કલાકો માટે કર્ફ્યુમાં છૂટછાટ આપ્યા બાદ એક બજારમાં સ્થાનિક લોકો.

### ખાલિસ્તાની ઉગ્રવાદ પર કાબૂ માટે બ્રિટનનું મોટું પગલું

## બ્રિટને ખાલિસ્તાનીઓના સામના માટે નવા ફંડની જાહેરાત કરી

। નવી દિલ્હી, તા.૧૨ ।

ખાલિસ્તાની ઉગ્રવાદને કાબૂમાં લેવા ભારતની અપીલ પર બ્રિટને મોટું પગલું ભર્યું છે. બ્રિટન સરકારે ખાલિસ્તાન સમર્થક કટ્ટરપંથીઓનો સામનો કરવા માટે નવા ફંડની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ભારત અને બ્રિટન પહેલેથી જ કટ્ટરવાદ સામે લડવા માટે સંયુક્ત ટાસ્ક ફોર્સની રચના કરવાની દિશામાં કામ કરી રહ્યા છે. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનરે આ માહિતી આપી હતી. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનરે કહ્યું કે 'ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને બ્રિટનના સંરક્ષણમંત્રી ટુગેનહાટ વચ્ચેની બેઠકમાં ટુગેનહાટે નવા ફંડની જાહેરાત કરી છે, જે ખાલિસ્તાન તરફી ઉગ્રવાદનો સામનો કરવા માટે બ્રિટનની ક્ષમતામાં વધારો કરશે. ૯૫ હજાર પાઉન્ડ (લગભગ એક કરોડ રૂપિયા)નું રોકાણ યુકે સરકારના ખાલિસ્તાન તરફી ઉગ્રવાદને સમજવામાં મદદ કરશે. બ્રિટિશ હાઈ કમિશનરે કહ્યું કે ભારત અને બ્રિટન વચ્ચે જોઈન્ટ રેડિકલાઈઝેશન ટાસ્ક ફોર્સની સ્થાપનાની પ્રક્રિયા પહેલાથી જ ચાલી રહી છે. બ્રિટનના સંરક્ષણમંત્રી ટુગેનહાટ ગુરુવારે ત્રણ દિવસના પ્રવાસે ભારત આવ્યા છે. ભારત સતત બ્રિટનની સામે ખાલિસ્તાન ઉગ્રવાદનો મુદ્દો ઉઠાવી રહ્યું હતું. હકીકતમાં, તાજેતરના વર્ષોમાં બ્રિટનમાં ખાલિસ્તાની કટ્ટરવાદ ઝડપથી ઉભરી આવ્યો હતો.

### રોજની ૧૧૦ ગોળી ખાય છે

# અબજોપતિ અમર થઈ જવા માંગે છે, સગા દીકરાનું લોહી લીધું

### બ્રાયને ઉમેર્યું હતું કે હું માનું છું કે હંમેશાં જીવવું સંપૂર્ણપણે શક્ય છે, હું મારા તમામ નિર્ણયો અલ્ગોરિધમ્સની મદદથી લઉં છું

। નવી દિલ્હી, તા.૧૨ ।



પૃથ્વી પર કોઈ પણ વ્યક્તિ અમર હોઈ શકે નહીં, આ વાત તો આપણે બધા જાણીએ છીએ. સૌ કોઈ માટે એક નિયતિ છે, જે આવ્યો છે તેણે જવાનું છે. પણ એક એવો અમેરિકન બિઝનેસમેન છે જેણે અમર બનવાની જીદ પકડી રાખી છે. તેણે પ્રતિજ્ઞા લીધી છે કે તે આ સદીમાં મરવા માંગતો નથી. એટલા માટે થોડા દિવસો પહેલા તેણે પોતાના યુવાન પુત્રનું લોહી પોતાને માટે ચડાવ્યુ હતું. હવે તેણે ખુલાસો કર્યો છે કે તે યુવાન રહેવા માટે દરરોજ ૧૧૦ ગોળીઓ લે છે. હંમેશા એક જ નિશ્ચિત સમયે સૂવું અને ૧૧ વાગ્યા પછી ક્યારેય ખાવું નહીં. આ વ્યક્તિએ પોતે જ પોતાના ડાયટ પ્લાનનો ખુલાસો કર્યો છે, જેને જાણીને તમે પણ ચોંકી જશો કે આ વ્યક્તિ કેટલી હદે અમર થવા માટે મહેનત કરી રહ્યો છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ કેલિફોર્નિયાના ટેક જાયન્ટ બ્રાયન જોન્સનની. હંમેશ માટે અમર રહેવા અને સ્વસ્થ રહેવા માટે, તેણે પ્રકૃતિના નિયમો બદલવાનું નક્કી કર્યું છે. આ અઠવાડિયાના ઝઈ પોડકાસ્ટમાં તેણે પોતાની રૂટિનનો ખુલાસો કર્યો છે. બ્રાયને ઉમેર્યું હતું કે હું માનું છું કે 'હંમેશાં જીવવું' સંપૂર્ણપણે શક્ય છે. હું મારા તમામ નિર્ણયો અલ્ગોરિધમ્સની મદદથી લઉં છું. હું મારા મનને નિર્ણય લેવાનો અધિકાર આપતો નથી. હું તેને આદેશ આપ ું છું કે શું કરવું. મન આપણને શા માટે આદેશ આપશે? તેને કંટ્રોલ કરવા માટે સૌથી મહત્વની વસ્તુ ઊંઘ છે. હું મારી ઊંઘની ગુણવત્તા માપું છું. તમને જાણીને નવાઈ લાગશે કે ૬ મહિનાથી મારી ઊંઘની ગુણવત્તા ૧૦૦% રહી છે. એટલે કે મારું શરીર એકદમ ફિટ છે. તેને કોઈ સમસ્યા નથી. ૪૫ વર્ષીય બ્રાયને કહ્યું હતું કે, મરવું જ નહીં એ મારું સૂત્ર છે અને અમે તેને પૂર્ણ કરીને બતાવીશું. મારું મુખ્ય લક્ષ્ય એ છે કે હું ૨૧મી સદીમાં મરવા નથી માંગતો. આ માટે હું દરેક પ્રયાસ કરવા તૈયાર છું. આ કારણોસર, મેં મારા ૧૭ વર્ષના પુત્રનું પ્લાઝ્મા ઈન્જેક્ટ કરાવ્યુ હતુ. જેને પૃથ્વી પર આવવું છે તેણે મરવું પડશે. એ વાતને હું ખોટી સાબિત કરવા માંગુ છું, તેમણે કહ્યું હતુ કે હું દુનિયાને કહેવા માંગુ છું કે જો કોઈ વ્યક્તિ નક્કી કરી જ લે તો તે ઈચ્છે ત્યાં સુધી જીવી શકે છે.

### કોલેજિયમે ચાર જસ્ટિસની બદલીની ભલામણ કરી

## જસ્ટિસ હેમંત પ્રચ્છકની પટના બદલીની ભલામણ

### ગુજરાતના જસ્ટિસ અલ્પેશ કોગજે, જસ્ટિસ કુમારી ગીતા ગોપી અને જસ્ટિસ સમીર દવેની બદલી માટે ભલામણ

। નવી દિલ્હી, તા.૧૨ ।

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે મોદી સરનેમ માનહાનિ કેસની સુનાવણી કરનારા ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ હેમંત એમ પ્રચ્છકની બદલી માટે ભલામણ કરી છે તેમજ તેમના સિવાય ગુજરાત હાઈકોર્ટના અન્ય ત્રણ ન્યાયાધીશની પણ બદલી માટે ભલામણ કરવામાં આવી છે. જસ્ટિસ હેમંત એમ પ્રચ્છકની પટના હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે તરીકે ભલામણ કરવામાં આવી છે.

આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ અલ્પેશ વૈન કોગજે, જસ્ટિસ કુમારી ગીતા ગોપી અને જસ્ટિસ સમીર જે દવેની પણ અન્ય કોર્ટમાં બદલી માટે ભલામણ કરવામાં આવી છે. રાહુલ ગાંધી મોદી સરનેમ કેસમાં સુરતની કોર્ટે દોષિત જાહેર કર્યા બાદ સુરતની સેશન્સ કોર્ટમાં ગયા હતા પરંતુ ત્યાથી પણ તેમને રાહત ન મળતા ગુજરાત હાઈકોર્ટમાં ગયા હતા. જસ્ટિસ હેમંત પ્રચ્છકે રાહુલ ગાંધીની સજા પર સ્ટે મૂકવાની અરજી પર સુનાવણી કરી હતી પરંતુ બાદમાં તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી અને નીચલી કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે મોદી સરનેમ માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની બે વર્ષની સજા અટકાવી સજાને રદ કરી દીધી હતી. આ બાદ લોકસભા સચિવાલયે સોમવારે એક નોટિફિકેશન બહાર પાડીને રાહુલ ગાંધીની સંસદની સદસ્યતા પુનઃસ્થાપિત કરી હતી. આ સાથે જ રાહુલ ગાંધીને રાહત આપતા સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણય પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને કોર્ટે રાહુલ ગાંધીને આપવામાં આવેલી મહત્તમ સજા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટના ૪ ન્યાયાધીશ ઉપરાંત પંજાબ હરિયાણા હાઈકોર્ટના ૪ અને અલાહાબાદ હાઈકોર્ટના એક ન્યાયાધીશનું નામ પણ ભલામણ કર્યું છે.

### અમેરિકી સરકાર દ્વારા જાહેર નવા આંકડામાં ખુલાસો

## ૨૦૨૨માં અમેરિકામાં ૪૯,૫૦૦ લોકોએ આપઘાત કરી લીધો

### બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત બાદથી અત્યાર સુધીનો આ આપઘાતનો દર સૌથી વધુ હોવાનો માહિતી સામે આવી

। વોશિંગ્ટન, તા.૧૨ ।



ગત વર્ષે એટલે કે ૨૦૨૨માં અમેરિકામાં લગભગ ૪૯,૫૦૦ લોકોએ આપઘાત કરી લીધા હતા. આ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ માહિતી ખુદ અમેરિકી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા આંકડાઓમાં જાણવા મળી હતી. રોગ નિયંત્રણ અને રોકથામ કેન્દ્ર દ્વારા હજુ સુધી માત્ર આંકડા જાહેર કરાયા છે. જોકે અત્યાર સુધી તેની ગણતરી બાકી જ છે. પરંતુ તાજેતરના આંકડાથી એ માહિતી મળી છે કે બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત બાદથી અત્યાર સુધીનો આ આપઘાતનો દર સૌથી વધુ છે. નિષ્ણાતોનું આ મામલે કહેવું છે કે આપઘાત જટિલ હોય છે અને તાજેતરમાં આવી ઘટનાઓમાં વધારાના અનેક કારણ હોઈ શકે છે જેમાં લોકોમાં વધતું જતું ડિપ્રેશન અને માનસિક સ્વાસ્થ્ય સેવાઓની મર્યાદિત ઉપલબ્ધતા પણ સામેલ છે. પરંતુ અમેરિકન ફાઉન્ડેશન ફોર સ્યુસાઈડ પ્રિવેન્શનમાં રિસર્ચના વરિષ્ઠ ઉપાધ્યક્ષ ઝિલ હરકવી-ફ્રાઈડમેને કહ્યું કે ગનકલ્ચરની આ આપઘાતની ઘટનાઓ વધવામાં મોટી ભૂમિકા રહી છે. ગન વડે કરાયેલા આપઘાતના પ્રયાસ અન્ય રીતે કરાયેલા પ્રયાસોની તુલનાએ મૃત્યુનું વધુ કારણ બન્યા છે. બંદૂકોના વેચાણમાં પણ તેજી નોંધાઈ છે. તાજેતરમાં જોન્સ હોપ કિન્સ યુનિવર્સિટીના વિશ્લેષણમાં શરૂઆતના ૨૦૨૨ના ડેટાનો ઉપયોગ કરી ગણતરી કરાઈ કે દેશમાં ગન વળે કરાયેલા આપઘાતનો દર ગત વર્ષે અત્યાર સુધીના ઓલ ટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગયો છે. રિસર્ચરોએ નોંધ લીધી કે પહેલીવાર અશ્વેત કિશોરોમાં ગન વડે આપઘાત કરવાનો દર શ્વેત કિશોરોની તુલનાએ વધુ રહ્યો. સૌથી વધુ આપઘાતનો દર વૃદ્ધ-વયસ્કોમાં જોવા મળ્યો હતો. ૪૫થી ૬૪ વર્ષની વયના લોકોમાં મૃત્યુદર લગભગ ૭% વધ્યો છે અને ૬૫થી વધુ વયના લોકોમાં મૃત્યુદર ૮%થી વધુ વધ્યો છે. સીડીસીએ કહ્યું કે વિશેષ રીતે શ્વેત પુરુષોનો દર વધારે છે. ૨૫થી ૪૪ વર્ષના વયસ્કોમાં આપઘાતનો દર ૧% વધ્યો હતો. રિસર્ચરોએ નોંધ લીધી કે પહેલીવાર અશ્વેત કિશોરોમાં ગન વડે આપઘાત કરવાનો દર શ્વેત કિશોરોની તુલનાએ વધુ રહ્યો. સૌથી વધુ આપઘાતનો દર વૃદ્ધ-વયસ્કોમાં જોવા મળ્યો હતો. ૪૫થી ૬૪ વર્ષની વયના લોકોમાં મૃત્યુદર લગભગ ૭% વધ્યો છે અને ૬૫થી વધુ વયના લોકોમાં મૃત્યુદર ૮%થી વધુ વધ્યો છે. સીડીસીએ કહ્યું કે વિશેષ રીતે શ્વેત પુરુષોનો દર વધારે છે. ૨૫થી ૪૪ વર્ષના વયસ્કોમાં આપઘાતનો દર ૧% વધ્યો હતો.

## અમદાવાદમાં સબ રજીસ્ટાર ૧.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા

। અમદાવાદ, તા.૧૨ ।

સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ઓછું થાય તે માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. અનેક સરકારી બાબુઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે તેમ છતાં કેટલાક લોકો એવા છે કે હજી પણ સુધારવાનું નામ નથી લઈ રહ્યા. શહેરમાં દિવસે દિવસે લાંચિયા બાબુઓના લાંચ લેવાના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં વેજલપુર રજીસ્ટર કચેરીમાં સબ રજીસ્ટાર વર્ગ-૩ સોસાયટીના દસ્તાવેજ રજીસ્ટર કરાવી આપવા માટે રૂ. ૧.૫૦ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો છે. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. વેજલપુરમાં આવેલ રજીસ્ટાર કચેરીમાં તુલસીદાસ પુરૂષોત્તમભાઈ મારકણા વર્ગ-૩ સબ રજીસ્ટાર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે વેજલપુરમાં આવેલી એક સોસાયટીના મકાનોના દસ્તાવેજો રજીસ્ટર કરાવવા માટે તુલસીદાસે કુલ રૂ. ૧.૫૦ લાખની લાંચ માંગી હતી. પરંતુ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમને એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારે એસીબીએ છટકુ ગોઠવીને સબ રજીસ્ટારને રૂ. ૧.૫૦ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

### કબ્રસ્તાનમાં જગ્યાની કેમ નથી થતી અછત?

## કબ્રસ્તાનમાં દર વર્ષે હજારો લોકો દફનાવવામાં આવે છે

### વિક્ટરે જર્મનીમાં એક અભ્યાસ વિશે જણાવ્યું, જ્યાં કબરો ભાડે મળે છે, તેનો અર્થ એ કે તમારી કબરની જગ્યા કાયમ માટે તમારી માતા કે પિતાની નથી

। નવી દિલ્હી, તા.૧૨ ।

તમારા મનમાં એક પ્રશ્ન અનેકવાર આવ્યો હશે કે દર વર્ષે હજારો લોકોના મૃતદેહ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવે છે, તો પછી જગ્યાની અછત કેમ નથી? આની પાછળ તમે ઘણા પ્રકારના જવાબ સાંભળ્યા હશે. ઘણી દંતકથાઓ પણ છે. કેટલાક દાવા તો એવા પણ કરવામાં આવે છે કે લોકો કબ્રસ્તાનમાં શોક જતાવવા માટે ભાડા પર પણ મળે છે. પણ વાસ્તવિકતા શું છે? અંતિમ સંસ્કાર કરાવનાર વ્યક્તિએ તેના વિશે ખુલાસો કર્યો, જેને જાણ્યા પછી તમે તમારી આંગળીઓ દબાવશો. જોકે, અમે સ્પષ્ટ જણાવી દઈએ કે તેણે આ બધી વાતો અમેરિકાના કબ્રસ્તાન વિશે કહી છે. ભારતીય કબ્રસ્તાનમાં અલગ-અલગ નિયમો હોઈ શકે છે. અહેવાલ મુજબ, અમેરિકાના ફ્યુનરલ ડાયરેક્ટર વિક્ટર એમ. સ્વીનીએ યુટ્યુબ પર એક વીડિયો શેર કર્યો અને તમામ પ્રશ્નોના જવાબ આપ્યા. 'બ્યુરિયલ સપોર્ટ' નામનો આ વીડિયો અત્યાર સુધીમાં ૫ લાખથી વધુ વખત જોવામાં આવ્યો છે. એક યુઝરે વિક્ટરને પૂછ્યું કે કબ્રસ્તાનમાં ક્યારેય જગ્યાની અછત કેમ નથી હોતી? જવાબમાં વિક્ટરે કહ્યું, આ સાચું નથી. કેટલીકવાર કબ્રસ્તાનમાં જગ્યાની અછત હોય છે. પરંતુ આ માટે એક રસ્તો શોધી કાઢવામાં આવ્યો છે.

### આ અંગકોર વાટના પ્રાચીન મંદિરો છે

## વિશ્વનો એકમાત્ર એવો દેશ કે જેના સંપૂર્ણ ધ્વજમાં છે હિંદુ મંદિરનું ચિત્ર

### ૧૯૯૩માં, ૧૯૪૮ના કંબોડિયન ધ્વજને ફરીથી અપનાવવામાં આવ્યો, હવે આ કંબોડિયાનો રાષ્ટ્રીય ધ્વજ છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

કંબોડિયાનો ધ્વજ વિશ્વનો એકમાત્ર રાષ્ટ્રધ્વજ છે, જેના પર મંદિરનું ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોમાં આ ધ્વજ ઘણી વખત બદલાયો, પરંતુ દરેક વખતે તેના ધ્વજમાં મંદિરનું ચિત્ર ચોક્કસ હતું. કંબોડિયાના આ રાષ્ટ્રીય ધ્વજને ૧૯૮૯માં સ્વીકારવામાં આવ્યો હતો અને ૧૯૯૩માં તેને સરકાર તરફથી સંપૂર્ણ મંજૂરી મળી હતી. ૧૮૭૫ થી, અંગકોર વાટનું મંદિર કંબોડિયાના ધ્વજમાં મૂકવામાં આવ્યું હતું. જેમાં ઉપર અને નીચે વાદળી પટ્ટા અને મધ્યમાં લાલ પટ્ટી અને મધ્યમાં મંદિરનું ચિત્ર હતું. ૧૯૪૮માં કંબોડિયાની આઝાદી બાદ તેને રાષ્ટ્રીય ધ્વજ બનાવવામાં આવ્યો. તે ૦૯ ઓક્ટોબર ૧૯૭૦ સુધી ચલાવવામાં આવ્યું હતું. જ્યાં સુધી દેશનું નામ બદલીને ખ્મેર રિપબ્લિક કરવામાં આવ્યું ન હતું. પછી લોન નોલે તેના માટે નવો ધ્વજ રજૂ કર્યો. ખ્મેર પ્રજાસત્તાક ખ્મેર રૂજના શાસન હેઠળ ૧૯૭૫ સુધી ચાલ્યું. આ પછી, કંબોડિયાનું નામ ફરીથી ડેમોક્રેટિક કમ્પુચેઆ થઈ ગયું, જે ૧૯૭૫ થી ૧૯૭૯ સુધી અસ્તિત્વમાં હતું.

## તંત્રી લેખ...

# મેઘ તાંડવ, ખેડૂત, સરકાર કેટલો ફાયદો ઉઠાવશે ?

સમગ્ર ગુજરાતમાં મેઘ તાંડવ ચાલુ છે અને હજુ થોડા અંતરાય પછી એ ચાલુ રહેવાની સંભાવના છે. હવે વરસાદ અટકે એની રાહ છે અને હજુ વાદળાઓ વિખરાતા નથી. વનવગડામાં અને રસ્તાની બન્ને બાજુએ લીલા રંગનો પ્રલય થયેલો છે. કવિ પ્રહલાદ પારેખ કહે છે કે, જ્યાં સુધી પહોંચે નજર ત્યાં સુધી બસ ઘાસનો વિસ્તાર છે ને પછી આકાશ કેરી નીલરંગી ક્ષિતિજ કેરી ધાર છે...! ગુજરાતના મહત્ જિલ્લાઓ હવે લીલા દુષ્કાળ તરફ તણાઈ રહ્યા છે. આ વખતે દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઓછો છે અને સૌરાષ્ટ્રમાં વધારે છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાન ખાતાને આપવામાં આવે છે. આપણે ખરેખર હવે સારા હવામાન શાસ્ત્રીની જરૂર છે. જે લોકોએ વાવણી વહેલી કરી એમના ઊભા પાક વધુ પડતા પાણીમાં બળી ગયા છે અને જેમણે મોડી વાવણી કરી અને પાક જરાક અંકુરિત થયા એ બધા ધોવાઈ ગયા છે. કૃષિ ક્ષેત્રને સરકાર ઘણું આપે છે પણ જે હાઈટેક સજ્જતાઓ આપવી જોઈએ એ આપી નથી. કેલિફોર્નિયામાં જે એક ઓબઝર્વેટરી છે. એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે. વર્ષોથી સંશોધનો કરતા હોવાને કારણે કુદરતના કેટલાક રહસ્યો વૈજ્ઞાનિકોના હાથમાં આવી જાય છે અને એ પ્રમાણે તેઓ પોતાના દેશના વાતાવરણને અમુક અંશે જાતે નેવિગેટ કરી શકે છે. આ વાતની ભારત અને ભારત જેવી અન્ય સરકારોને ન તો ખબર છે કે ન તો એમને કોઈ એની તમા છે. આપણા દેશમાં તમામ પ્રધાનો દાયકાઓથી એક જ ઢોલ વગાડે છે કે વધુ વૃક્ષ વાવો એટલે વધુ વરસાદ આવશે. ખરેખર એવું નથી. વૃક્ષો એક આધાર છે, પરંતુ એ સિવાય વરસાદને પૂરતી માત્રામાં અને નિયત સમયે લાવવા માટેના અનેક ઉપાયો છે, જે હવે વિકસિત દેશો જાણે છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે, વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે.

# બુલેટ ટ્રેન વહેલી તકે દોડાવાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ બુલેટ ટ્રેન પર પર ઝડપથી કામગારી ચાલી રહી છે. આ ટ્રેન વહેલી તકે શરૂકરવાની તૈયારી છે. ૨૦૨૬ સુધી ટ્રેને દોડી શકે છે. કોરોના લોકડાઉનના કારણે આ પ્રોજેક્ટ પર પણ કામને બંધ રાખવાની ફરજ પડી હતી. જો કે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે કોરોના કટોકટી હોવા છતાં પણ તેના પર કામને હવે ઝડપથી આગળ વધારીને પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરવાના પ્રયાસ છે. જો કે નિર્ધારિત સમય કરતા વધારે સમય આમાં લાગે તે તો સ્વાભાવિક છે. કારણ કે જમીન અધિગ્રહણને લઇને હજુ કામ બાકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના તત્કાલીન વડાપ્રધાન શિન્ઝો આબે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ ભૂમિ પુજન અમદાવાદ સાબરમતી ટર્મિનસ ખાતે કરીને આ ટ્રેન દોડાવવાની પ્રાથમિક પ્રક્રિયાને પૂર્ણ કરી ચુકયા છે. આની સાથે જ હવે ભારતમાં બુલેટ ટ્રેન માટેનો માર્ગ મોકળો થઇ ચુક્યો છે. પાંચ વર્ષમાં જ અમદાવાદ-મુંબઇ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડતી થઇ જાય તેવા પ્રયાસ હવે યુદ્ધના ધોરણે શરૂ થઇ ગયા છે. દેશમાં ૧.૧૦ લાખ કરોડ રૂપિયાના બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇને ચર્ચા છેડાઇ ગઇ છે. બુલેટ ટ્રેનની ભારતમાં જરૂર છે કે કેમ તેનીચર્ચા જોરદાર રીતે શરૂ થઇ ગઇ છે. ભાજપ અને કોંગ્રેસમાં આને લઇને આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર જારી છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા સુદેશ વર્મા નક્કરપણે માને છે કે ગતિની સાથે હવે આગળ વધીશુ નહી તો પાછળ રહી જઇશુ. બુલેટ ટ્રેન પર પ્રશ્ન ઉઠાવનાર લોકોને આ વાત સમજી લેવાની જરૂર છે કે વિમાનમાં ખુબ ઓછા લોકો મુસાફરી કરી શકે છે. આનો મતલબ એ નથી કે ટ્રેનના સંબંધમાં વિચારણા કરવાની જરૂર જ નથી. જાપાને તો વર્ષ ૧૯૬૪માં જ બુલેટ ટ્રેનની શરૂઆત કરી દીધી હતી. સુદેશ વર્માનુ કહેવુ છે કે તેમને આશ્ચર્ય થાય છે કે કોંગ્રેસ પાર્ટીએ સૌથી વધુ સમય સુધી દેશમાં શાસન કર્યુ હોવા છતાં કેમ તેમના લોકોએ આ દિશામાં વિચારણા કરી ન હતી. અમારા દેશમાં પણ બુલેટ ટ્રેન ચાલી શકે છે તે બાબત કેમ વિચારી ન હતી. હકીકતમાં ગતિ જીવન તરીકે છે. અમે ગતિને રોકી શકીએ નહી. અમારા પૂર્વજો બળદગાડીમાં મુસાફરી કરતા હતા. અમે બાઇક અને સાઇકલથી લઇને વિમાનમાં યાત્રા કરતા થઇ ગયા છીએ. કોઇ પણ ક્ષેત્રમાં કઇ નવી બાબત થાય તો લોકો પ્રશ્ન કરે તે સ્વાભાવિક છે. પરંતુ જે લોકો બુલેટ ટ્રેનને લઇને પ્રશ્ન ઉઠાવે છે તેમની પાસે તેને લઇને વિરોધ માટે કોઇ તર્ક નથી. આવા લોકો માત્ર વિરોધ માટે વિરોધ કરે છે. જ્યારે રેલમાર્ગ પર શતાબ્દી એક્સપ્રેસની શરૂઆત થઇ ત્યારે માત્ર દિલ્હી અને આગરા વચ્ચે દોડાવવામાં આવતી હતી. આજે દેશના મોટા ભાગના રાજ્યો વચ્ચે શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન દોડે છે. આ બાબત યોગ્ય છે કે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરવી ગરીબ વર્ગના લોકોની બસની વાત નથી. પરંતુ આ વર્ગના લોકો તો આજે પણ રેલવેમાં સામાન્ય કોચમાં યાત્રા કરે છે. બુલેટ ટ્રેન પર પ્રશ્ન કરનાર લોકોને આ વાત સમજી લેવાની જરૂર છે કે વિમાનમાં પણ એક વર્ગના લોકો જ મુસાફરી કરે છે. આનો મતલબ એ નથી કે તેજ ગતિ સાથે દોડનાર ટ્રેન અંગે વિચારણા કરવાનુ બંધ કરી દઇએ. જ્યાં સુધી બુલેટ ટ્રેન પર થનાર ખર્ચ અને અન્ય બાબતોનો છે. તો જાપાન નહીવત વ્યાજે રકમ આપી રહ્યુછે. જાપાન પાસેથી પહેલા પણ અમે ટેકનિકલ સહકાર મેળવતા રહ્યા છીએ. એક પ્રકારથી બુલેટ ટ્રેન માટે આપવામાં આવતી રકમને જાપાન તરફથી એક મિત્રતાની ભેંટ તરીકે ગણી શકાય છે. હકીકતમાં કોંગ્રેસ પાર્ટી અને અન્યો જે બુલેટ ટ્રેનને દેશ પર બોજ ગણાવી રહ્યા છે તે લોકો એટલા માટે કહી રહ્યા છે કે આની ક્રેડિટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને મળનાર છે. રેલવે તંત્રને મજબુત કરવાના પ્રયાસ કોંગ્રેસના શાસનમાં થયા હોત તા આજે રેલવે દુર્ઘટના આટલી બધી થઇ ન હોત. વર્તમાન સરકાર તો કોંગ્રેસ પાર્ટી દ્વારા છોડવામાં આવેલા ખાડાને ભરવામાં જ લાગેલી છે. માત્ર અમીર લોકો માટે બુલેટ ટ્રેન લાવાવમાં આવી રહી છે તેવા આક્ષેપ કરનાર લોકો ભુલી જાય છે કે માત્ર મુંબઇથી અમદાવાદ વચ્ચે અંતર બે કલાકની અંદર કાપવાની બાબત કેટલી અચરજ ભરેલી રહેશે. દરેક ભારતીય વ્યક્તિનુ ગૌરવ વધી જશે.

# ટમેટાં મોંઘાં થયાની મુંજવણ! પણ શું ટમેટાં વગર એક બે મહિના ચલાવી ન શકાય?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હાલના સમયમાં સોશિયલ મીડિયા એક બહુ પ્રભાવક માધ્યમ તરીકે સાબિત થતું જાય છે. એમાં પણ ઋતુ અનુસાર જીવન જરૂરિયાતની કોઈ ને કોઈ ચીજ વસ્તુઓ મોંઘી થાય એટલે સોશિયલ મીડિયા પર એનાં મેસેજનો મારો બોલવા લાગે. ઉનાળામાં લીંબુ, આદું, તો અત્યારે ચોમાસામાં ટમેટાંની બજાર એકદમ ઉંચી છે, અને જ્યાં જુવો ત્યાં બસ આને કારણે સતત કોઈને કોઈ મેસેજ જોવા મળતાં હતાં. આમ વાસ્તવિકતા એ છે કે પ્રજા સતત કોઈને કોઈ કારણોસર ભીસમાં રહેતી દેખાય છે, બાહ્ય પ્રકૃતિમાં થતાં સતત કોઈને કોઈ ઉપદ્રવનો ઊહાપોહ અને આ ઊહાપોહ ને કારણે આંતરિક પ્રકૃતિમાં પણ અસંતુલન સતત જોવા મળે છે. ભારતીય સમાજ આમ પણ સમસ્યાનો ભંડાર છે, અને એમાં પણ મધ્યમ વર્ગીય માનવી તો ઘંટી વચ્ચે પીસાતા અનાજ જેવી હાલત અનુભવે છે. કારણ કે ધનવાનને ગમે તેટલી મોંઘવારી વધે, તો કોઈ ફેર પડતો નથી, અને નીચલા વર્ગને દાન ધર્મને નામે કંઈક મળતું રહે છે, અને આ બધું જોતાં મધ્યમ વર્ગનો માનવી જ અંતે આ બધી સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે.

મધ્યમ વર્ગની વ્યાખ્યા કરવી હોય તો એમાં મોટભાગે નોકરિયાત જ આવે, જેની કમાણી માંથી પા ભાગનો ટેક્ષ સરકાર કાપી લે, અને એ રુપિયા થકી જ નેતાઓના લીલા લહેર હોય. એનાથી પણ વધુ કમાતા વેપારી ટેક્ષ ચોરી કરી વધુ ને વધુ ધનવાન બને,અને આ બધું નજરે જોવાની પીડા અને પાછી ઉપરથી આ ટમેટાં જેવી ચીજની મોંઘવારી અને અન્ય સમસ્યાની ભીંસ જુદી. પરંતુ એક વિચાર એ પણ આવે કે શું ટમેટાં વગર એક બે મહિના ચલાવી ન શકાય?

આજકાલ સમગ્ર વિશ્વ જે રીતે વૈશ્વિક મંદી અને યુદ્ધની અસર તળે આવી ગયું છે, તે જોતાં વિશ્વના બધા જ દેશોમાં કોઈ ને કોઈ તકલીફ થઈ છે. કોઈ ને આર્થિક મુશ્કેલી આવી તો કોઈ દેશમાં અસંખ્ય લોકો કોઈને કોઈ કુદરતી કે કૃત્રિમ હોનારતને કારણે મૃત્યુ પામ્યાં. આ બધાં કારણોસર આજનો યુવા વર્ગ આવતી કાલ પર બહુ ભરોસો કરતો નથી અને "જીવન એટલે જલસા" એ વિચાર પર આ મોંઘવારી વધતી જ જાય છે, કારણકે મોંઘવારી વધવા માટે ડિમાન્ડ વધવી એ એકમાત્ર કારણ છે. ઉપરાંત આધુનિકરણ કે વૈજ્ઞાનિક વિકાસને કારણે વિશ્વમાં બીજા પણ ઘણાં બધા પ્રશ્નો ઉદભવે છે. એમાં પણ ભારત દેશ સૌથી વધુ વસ્તી ધરાવવાને કારણે દરેક એન્ગલથી અત્યારે મૂંઝવણમાં મુકાયો



છે. પ્રજાનો સરકાર પરથી વિશ્વાસ ઉઠતો જાય છે, અને સરકાર કંઈ કરી પણ શક્તી નથી એવું લાગે. સરકાર સામે પણ અત્યારે દિવસે દિવસે પૂર અતિવૃષ્ટિ જેવા અત્યંત કપરા સંજોગો ઉપસ્થિત થઈ રહ્યા છે. પરંતુ દરેક વખતે આપણી પરિસ્થિતિ માટે, સરકાર કે સમાજ જવાબદાર હોતો નથી, એ વાત પણ હવે નાગરિકોએ સમજવા જેવી છે. છતાં પ્રજાના મત અનુસાર આજકાલ આપણો ભારતીય સમાજ કેવા કેવા પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે એ વિશે વિચારીએ, જેમ કે પ્રદૂષણ,વસ્તી વધારાને કારણે દરેક વર્ગને પ્રાથમિક સુવિધાનો અભાવ રહે છે, તેથી આર્થિક અસામાનતા, મોંઘવારી કુપોષણ,બાળ મજૂરી, યૌનશોષણ, ઘરેલુ હિંસા, ચોરી સાયબર ક્રાઈમ, વગેરે. આ ઉપરાંત શિક્ષણ એક વેપાર કે ધંધો બની જતાં પતન તરફ જતું શિક્ષણ,દરેક સેન્ટરમાં અદ્યતન મેડિકલ સારવારનો અભાવ,પાણીની અછતને કારણે ખેતપેદાશોમાં ઘટતું જતું નીપજનું પ્રમાણ, ઉપરાંત રોગનાશક કે જંતુનાશક દવાના કારણે ખોરાકમાંથી ઘટતાં જતાં ન્યુટ્રીશન, પેટ્રોલ ડીઝલનાં વધુ પડતાં વપરાશથી વાતાવરણમાં કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી વાયુના પ્રમાણનો વધારો.ઉપરાત દુષ્કાળ, અતિવૃષ્ટિ,પૂર, ધરતી કંપ, સુનામી જેવા દરિયાઈ વાવાઝોડા,વાયુના પ્રકોપથી ઉદભવતા વાવાઝોડા, ભૂસ્ખલન,અને કેટલીય પ્રકારના એકસીડન્ટ,અને રોગચાળો,આવાં તો કેટલાંય પ્રશ્નોમાં સામાન્ય નાગરિક જન્મથી મૃત્યુ સુધી ફસાયેલો રહે છે.

વૈજ્ઞાનીકરણ ને કારણે પ્રકૃતિમાં પ્રદૂષણનો સૌથી મોટો પ્રશ્ન ઉદ્ભવ્યો છે, અને તેને બેલેન્સ કરવું ઘણું અઘરું થઈ રહ્યું છે. છતાં આપણે અણસમજુની જેમ પ્રકૃતિના એકેય ઘટકનું સંરક્ષણ કરવું નથી,નથી પાણી બચાવવું કે નથી વિજળી બચાવવી,અને વૃક્ષોનો ઉછેર કરીને કે નવા વાવીને ઓક્સિજન લેવલ વધારી શકીએ તેમ છીએ, કારણ કે ઓક્સિજન વગર માનવ જીવન અશક્ય છે, છતાં એ પણ કરવું નથી,ને વિકાસ ને નામે આડેધડ વૃક્ષો કાપવા છે, તો વિચાર કરો કે પ્રકૃતિનું સંરક્ષણ કરવું એ કોનું કામ છે? એ કામ આપણું જ છે, અને કરવું પણ નથી, છતાં ફરિયાદ સરકાર સામે કરીએ છીએ. ક્યા ક્યા કારણોસર પ્રકૃતિમાં પ્રદૂષણ આવે છે, એ આપણે સૌ જાણીએ છીએ. કારણ કે એટલું સામાન્ય શિક્ષણ તો આપણે બધાએ લીધું જ છે. છતાં એ તરફ આંખ આડાં કાન કરી આડેધડ જીવન જીવી રહ્યા છીએ, અને દોષ અન્ય પર નાખીને ટમેટાં જેવી સામાન્ય વસ્તુ નથી મળતી ! એવાં બૂમ બરાડા પાડીએ છીએ.

કોરાના કાળ પછી શિક્ષણ પર સારી એવી અસર પડી છે, અને એમાં પણ આ ઓનલાઈન શિક્ષણને કારણે તો ક્યાંક ક્યાંક વિદ્યાર્થીઓ સાવ બગડી ગયાં હોય, તેવું પણ બન્યું છે,કારણ કે સ્માર્ટ ટેકનોલોજીના ફાયદા ની સાથે સાથે ગેરફાયદા પણ ઘણા છે. એ તરફ શરુઆતમાં કોઈક વાલીએ ધ્યાન ન પણ આપ્યું હોય તો બગડી પણ શકે, અને વાંક ઓનલાઈન શિક્ષણનો કાઢવો છે.આ ઉપરાંત શિક્ષણ આજે ધંધો બની ગયો છે, એટલે તેમાં શીખવાડવાની વૃત્તિ કરતા લઈ લેવાની વૃત્તિ કે રૂપિયા પડાવી લેવાની વૃત્તિ વધુ આવી ગઈ હોવાથી અંતે વિદ્યાર્થી સાચી નીતિ શીખી શકતો નથી, અને સ્પર્ધામાં જોડાયો હોય તેવું તેનું જીવન થઈ ગયું છે. આમ પણ સ્નાતક થવા સુધીમાં મીનીમમ વીસ લાખ સુધીનો ખર્ચ થયો હોય તો એ પણ કમાણી શરૂ થયા પછી નીતિ ને છોડી જલ્દીથી એટલાં જોડવામાં લાગી જાય છે.

સરકાર કોઈ પણ હોય ભારત વસ્તી વધારાને કારણે દરેકે દરેકને પ્રાથમિક સુવિધા પૂરી પાડી શકતો નથી.ભારત ગામડાઓથી બનેલો દેશ છે, અને અહીં આર્થિક અસમાનતા પણ ખૂબ જોવા મળે છે.કોઈને રહેવા માટે મોટા મોટા મહેલો હોય, તો કોઈને ઝૂંપડું પણ નસીબ હોતું નથી.કોઈના ઘરમાં ગેસ, ઑવન,હોટ પ્લેટ, માઈક્રોવેવ, જેવા અદ્યતન સાધનો હોય છે, અને કોઈને ચૂલો સળગાવવા લાકડું પણ હોતું નથી, અને કોઈ ને છત્રીસ પકવાન જ્યારે કોઈ ને ભાગે સૂકી રોટી પણ નસીબ નથી હોતી.એટલે આર્થિક અસમાનતા એ અત્યારે સૌથી મોટો પ્રશ્ન છે.એટલે ગરીબ પ્રજા પોતાની જરૂરિયાત માટે ક્યારેક વિદ્રોહ પર ઉતરી આવે છે,અને ચોરી લૂંટ હિંસા અને બલાત્કાર જેવા શરમજનક કૃત્યો કરે છે.તો સામાન્ય નાગરિક પોતે સુખ સગવડ અને એશોઆરામ માટે નીતિ ને નેવે મુકે છે, અને એ રીતે ભ્રષ્ટાચાર વધે છે.

બીજી સમસ્યા અહીં એ છે કે એકવાર જે વસ્તુ ના ભાવ વધ્યા એ પછી એટલાં ઓછાં થતાં નથી હાં શાકભાજી ની વાત જુદી છે કારણ એ તો બગડી જાય. પણ પેટ્રોલ-ડીઝલ તો હવે સસ્તા થવાનાં નથી,ત્યારબાદ ખાદ્યતેલમાં પણ ઉછાળો નોંધાયો, આમ એક પછી એક જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ભાવ વધારો થતો જ રહે છે, અને મધ્યમ વર્ગનો માનવી એ ચક્રવ્યૂહમાં પીસાતો રહે છે. ખાવા-પીવાની ચીજવસ્તુથી માંડીને દવા અને મેડિકલ સુવિધા પણ આજકાલ અત્યંત મોંઘી થતી જાય છે, જે દરેક લોકો એફર્ડ કરી શકતા નથી,અને ભારતમાં તેથી જ કુપોષણનું પ્રમાણ વધારે છે, અને ગર્ભવતી સ્ત્રીને પુરતું પોષણ મળતું ન હોવાથી વિકલાંગ બાળકોનું પ્રમાણ પણ વધુ છે.

કુદરતી આફત રૂપે પણ પ્રજાને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, અને ઘણીવાર તો જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ એવા પણ સંજોગો ઉભા થઈ જાય છે. માંડ માંડ ઉભા કરેલા આવાસો પણ આવી આફતોમાં ધરાશાયી થઈ જતાં લોકો તકલીફમાં આવી જાય છે. પ્રકૃતિના પ્રદૂષણનો વધારો થતાં અતિશય ઠંડી, અતિશય ગરમી, અને અતિવૃષ્ટિ જેવા ઘાતક પ્રશ્નો તો પાછા ઊભા જ છે. પરંતુ કારણ ગમે તે હોય પણ માનવ સમસ્યા કુદરતી હોય કે કુત્રિમ પણ દરેક સમસ્યા સામે લડી લેવાની પોતાની હિમ્મત કે આત્મબળ ને કારણે જ આજ સુધી પોતાનું અસ્તિત્વ બરકરાર રાખી શક્યો છે, એ વાતમાં કોઈ બે મત નથી.જય હિન્દ. બીજી સમસ્યા અહીં એ છે કે એકવાર જે વસ્તુ ના ભાવ વધ્યા એ પછી એટલાં ઓછાં થતાં નથી હાં શાકભાજી ની વાત જુદી છે કારણ એ તો બગડી જાય. પણ પેટ્રોલ-ડીઝલ તો હવે સસ્તા થવાનાં નથી,ત્યારબાદ ખાદ્યતેલમાં પણ ઉછાળો નોંધાયો, આમ એક પછી એક જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ભાવ વધારો થતો જ રહે છે, અને મધ્યમ વર્ગનો માનવી એ ચક્રવ્યૂહમાં પીસાતો રહે છે. ખાવા-પીવાની ચીજવસ્તુથી માંડીને દવા અને મેડિકલ સુવિધા પણ આજકાલ અત્યંત મોંઘી થતી જાય છે, જે દરેક લોકો એફર્ડ કરી શકતા નથી,અને ભારતમાં તેથી જ કુપોષણનું પ્રમાણ વધારે છે, અને ગર્ભવતી સ્ત્રીને પુરતું પોષણ મળતું ન હોવાથી વિકલાંગ બાળકોનું પ્રમાણ પણ વધુ છે.

કુદરતી આફત રૂપે પણ પ્રજાને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, અને ઘણીવાર તો જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ એવા પણ સંજોગો ઉભા થઈ જાય છે. માંડ માંડ ઉભા કરેલા આવાસો પણ આવી આફતોમાં ધરાશાયી થઈ જતાં લોકો તકલીફમાં આવી જાય છે. પ્રકૃતિના પ્રદૂષણનો વધારો થતાં અતિશય ઠંડી, અતિશય ગરમી, અને અતિવૃષ્ટિ જેવા ઘાતક પ્રશ્નો તો પાછા ઊભા જ છે. પરંતુ કારણ ગમે તે હોય પણ માનવ સમસ્યા કુદરતી હોય કે કુત્રિમ પણ દરેક સમસ્યા સામે લડી લેવાની પોતાની હિમ્મત કે આત્મબળ ને કારણે જ આજ સુધી પોતાનું અસ્તિત્વ બરકરાર રાખી શક્યો છે, એ વાતમાં કોઈ બે મત નથી. જય હિન્દ.

# ભારતની ભૂમિને આકાશ ક્ષેત્રે હરણફાળ ભરવનાર અવકાશ યુગના પિતા વિક્રમ સારાભાઈની ૧૦૫મી જન્મ જયંતીએ શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ભારતીય ચંદ્રયાન -૩ ચંદ્ર ચાંદામામાની ધરતી નજીક ઝડપભેર આગળ વધી રહ્યું છે ત્યારે ભારતની ભૂમિને આકાશ ક્ષેત્રે હરણફાળ ભરવનાર અવકાશ યુગના પિતા વિક્રમ સારાભાઈની ગઈકાલે તા.૧૨/૦૮/ ૨૦૨૩ને શનિવારે ૧૦૫મી જન્મ જયંતીએ શ્રદ્ધા સુમન અર્પણ કરી તેમના વિશે થોડું જાણીએ.વિક્રમ સારાભાઈનો જન્મ અમદાવાદમાં ભારતના ધનાઢ્ય ઔદ્યોગિક પરિવારમાં તા.,૧૨/૦૮/૧૯૧૯માં થયો હતો. અંબાલાલ અને સરલાદેવીના આઠ સંતાનોમાંના તેઓ એક હતા. તેઓએ પ્રાથમિક શિક્ષણ નિષ્ણાંત શિક્ષકો પાસેથી ઘરે જ મેળવ્યું. તેઓએ બનાવેલી આગ ગાડી આજે પણ વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સેન્ટર, અમદાવાદમાં છે. ૧૯૪૦માં ગણિત અને પદાર્થ વિજ્ઞાનના વિષય સાથે સેન્ટ જોહ્નસ કૉલેજમાંથી તેમણે ટ્રીપોસની પદવી મેળવી હતી અને ૧૯૪૭માં યુ.કે.ની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં 'કોસ્મિક રે ઈન્વેસ્ટિગેશન ઈન ટ્રોપીકલ લેટિટ્યૂડ્ઝ' એ વિષય પર શોધ નિબંધ રજૂ કરી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી.

૧૯૩૯ થી ૧૯૪૫ દરમિયાન તેઓએ નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. સી. વી. રામનના માર્ગદર્શન નીચે ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગલોરમાં કૉસ્મિક કિરણોના પ્રસારણ અંગે સંશોધન કર્યું.તેમની સોલર



ફીઝીક્સ અને કૉસ્મીક રેઝ પ્રત્યેની જીજ્ઞાસા અને લગાવને લીધે તેમણે દેશમાં વિવિધ જગ્યાએ અવકાશીય અવલોકન કેન્દ્રો સ્થાપ્યા. અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી-પી.આર. એલ.)ની ૧૯૪૭માં સ્થાપના પાછળ તેઓ નિમિત્ત છે. ભારતે અવકાશ ક્ષેત્રે જે અનેક સિદ્ધિઓ મેળવી છે તેના મૂળમાં આ સંસ્થા છે. અવકાશમાં મોકલવાના ઉપગ્રહો નો પણ અહીં વિકાસ થયો છે. ૧૯૭૪માં અવકાશમાં છોડવામાં આવેલા ભારતના ઉપગ્રહની ઘણી ખરી રચના અહીં તેમના હસ્તક થઈ હતી. અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સારાભાઈ કેમિકલ્સ વગેરે ઉપરાંત સંશોધન ઉદ્યોગ,દવા,ફાર્મસીને લગતી અનેક સંસ્થામાં તેમને પોતાનો ફાળો આપેલો છે. ડૉ.હોમી ભાભાના અવસાન પછી, ડૉ. સારાભાઈએ ભારતીય પરમાણુ શક્તિ સંસ્થાન ઍટોમીક એનર્જી કમીશન ઓફ ઈન્ડીયા)માં તેમનું કાર્ય ચાલુ રાખ્યુ.ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે કહ્યું કે તેમના માટે ડૉ. સારાભાઈ સાથે કામ કરવું એક સદ્નસીબની વાત હતી.

વૈજ્ઞાનિક ક્ષેત્રમાં તેમના કાર્ય સાથે તેમણે તેમના કાપડ અને દવાના કૌટુંબિક ધંધા પ્રત્યે પણ પુરતું ધ્યાન આપ્યું.

ભારતીય અવકાશ સંશોધનસંસ્થા ઈસરોની સ્થાપના તેમની એક મહાન સિદ્ધિ છે.રશિયાના સ્પુટ નીક લોન્ચ પછી,ભારત જેવા વિકાસશીલ દેશ માટે અવકાશ કાર્યક્રમની જરૂરિયાત તેમણે સરકારને સફળતાપૂર્વક સમજાવી. ભારતના પ્રથમ રોકેટ લોન્ચિંગ કેન્દ્રની સ્થાપના માટે ડૉ. ભાભાએ ડૉ. સારાભાઈને સહકાર આપ્યો. આ કેન્દ્ર માટે કેરાલા ખાતેના અરબી સમુદ્રના કિનારે થીરુવનંત પુરમ શહેર પાસે થુમ્બા ગામની પસંદગી કરવામાં આવી. તેને પસંદ કરવાનુ મુખ્ય કારણ તે વિષુવ વૃતથી નજીક હોવાનું છે. તેમની ખૂબ જ જહેમત બાદ નવેમ્બર ૨૧, ૧૯૬૩ના રોજ ભારતનું પ્રથમ રોકેટ સોડિયમ વેપર પેલોડ લઈને ઊડાવવામાં આવ્યું. યુ.એસ.ની અવકાશ સંસ્થા નાસા સાથેના સંવાદોના પરિણામે, જુલાઈ ૧૯૭૫-૧૯૭૬ દરમિયાન ઉપગ્રહ સંચાલિત ટેલિવિઝનની પ્રાયોગીક ધોરણે શરૂઆત થઈ.

ડૉ. સારાભાઈના પ્રયત્નોથી ૧૯૭૫માં ભારતીય ઉપગ્રહ આર્યભટ્ટને રશિયાના કોસ્મોડ્રોમથી પૃથ્વીની બહારની કક્ષામાં મુકવામાં આવ્યો. એક્સપેરિમેન્ટલ સેટેલાઈટ કોમ્યુનિકેશન અર્થ સ્ટેશન તેમજ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈ જેશન (ઈસરો) દ્વારા તેમણે ભારતને અવકાશ યુગમાં ઉચ્ચ સ્થાને પહોચાડ્યું. આથી તેઓને અવકાશ યુગના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના લગ્ન જાણીતા નૃત્યકાર મૃણાલિની સારાભાઈ સાથે થયા હતા. તેમને એક પુત્ર કાર્તિકેય અને એક પુત્રી મલ્લિકા છે.

૫૨ વર્ષની ઉંમરે ૩૦ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ તેમનું નિંદ્રામાં જ મૃત્યુ થયું હતું.

ભારતીય ટપાલ ટિકિટ પર વિક્રમ સારાભાઈ (૧૯૭૨),ભટનાગર પુરસ્કાર -૧૯૬૨,ભૌતિક વિજ્ઞાન વિભાગના પ્રમુખ, ભારતીય વિજ્ઞાન મહાસભા (૧૯૬૨), પદ્મભૂષણ -૧૯૬૬ ઈન્ટરનેશનલ એટમિક એઅજન્સી (આઈ એ ઈ એ ) ની ૧૪મી જનરલ શિબિરના પ્રમુખ (૧૯૭૦),પરમાણુ શક્તિનો શાંતિમય ઉપયોગ' પરની સંયુક્ત રાષ્ટ્રસંઘની ચોથી શિબિરના પ્રમુખ -૧૯૭૧ પદ્મવિભૂષણ -૧૯૭૨ મરણોત્તર ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા વિક્રમ સારાભાઈની પ્રથમ પુણ્ય તિથી ૩૦ ડિસેમ્બર ૧૯૭૨ પર ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુંટ ઓફ મેનેજમેન્ટ આઈ.આઈ. એમ.તથા અટીરાની અમદાવાદમાં સ્થાપના.

દક્ષિણ ભારતમાં આવેલું ત્રિવેન્દ્રમ કે જે તિરુવનંતપુરમ્ તરીકે પણ ઓળખાય છે તેમાં આવેલી સંશોધન સંસ્થાને તેમની યાદમાં વિક્રમ સારાભાઈ અવકાશ કેન્દ્રનું નામ આપવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં રોકેટમાંના ભૌતિક અને પ્રવાહી ગતિવાહકો પર સંશોધન થાય છે. અમદાવાદના બીજા ઉદ્યોગપતિઓ સાથે તેમણે પ્રસિદ્ધ આઈ.આઈ.એમ. અને એન.આઈ. ડી ની સ્થાપના કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. વિક્રમ સારાભાઈની જન્મ જયંતી પ્રસંગે આજે આપણું ચંદ્રયાન -૩ સફળ થવા જઈ રહ્યું છે ત્યારે આવા યુગપુરૂષને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ.અસ્તુ.

# ઝી ટીવીના પ્યાર કા પહેલા નામ રાધા મોહનમાં તેના ક્લાપનિક શોમાં પ્રવેશ સાથે અબ્દુ રોઝિક એક અપહરણકર્તા બન્યો

ઝી ટીવીના પ્યાર કા પહેલા નામ રાધા મોહન, જેની વાર્તા આધુનિક વૃંદાવન આધારીત રોમાન્ટિક નાટક પર તૈયાર કરવામાં આવ્યું છે, તેની રજૂઆતથી જ દર્શકોમાં ચહિતો બન્યો છે. મોહન (શબ્બિર આહ્લુવાલિયા), રાધા (નીહારિકા રોય) અને દામિની (સંભાબના મોહન્તિ) જેવા સંબંધિત પાત્રો અને જકડતી વાર્તાથી શોએ દર્શકોને સીટ પર જકડી રાખ્યા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, હોસ્પિટલમાંથી પરત આવ્યા બાદ રાધાએ લાંબા સમય બાદ ઓફિસ જવા માટે તૈયાર કરી દીધો છે. આટલા બધા નાટકની સાથે, દર્શકો પ્રસિદ્ધ તાજિકિસ્તાન ગાયક – અબ્દુ રોઝિકને શોમાં પ્રવેશતા જોશે. તેના સામાન્ય અને સુખદ વર્તનથી વિપરીત, અબ્દુએ એક અપહરણકર્તા




'અબ્દુ'નું એક મહેમાન પાત્ર કરતો જોવા મળશે. આગામી એપિસોડમાં દર્શકો જોશે કે, સમગ્ર પરિવારએ ગુનગુન (રીઝા ચૌધરી)ના જન્મદિનની પાર્ટીની તૈયારી કરી રહ્યા છે, પણ દામિની અને કાવેરી (મનિષા પુરોહિત)એ તેના અપહરણનું આયોજન કરી રહ્યા છે. આ ઉજવણી દરમિયાન, દર્શકો અબ્દુના પ્રવેશને જોશે! અબ્દુ રોઝિક કહે છે, "હું મારા સર્વપ્રથમ કાલ્પનિક શોમાં એક મહેમાન પાત્ર માટે અત્યંત ઉત્સાહિત છું. મારા પાત્રનું નામ પણ 'અબ્દુ' જ છે અને તે એક અપહરણકર્તા છે. હું જ્યારથી મુંબઈ આવ્યો છું, મેં અત્યાર સુધી ઘણા શો કર્યા છે, પણ પહેલી વખત હું એક કાલ્પનિક પાત્ર કરી રહ્યો છું. જો કે, મેં ક્યારેય ન'તું વિચાર્યું કે, હું જીવનમાં એક સરળ છતા પણ ભયાનક લાગતા અપહરણકર્તાનું પાત્ર ભજવીશ. સૌથી મજાની વાત તો એ છે કે, મારા માટોભાગના સીન આ શોની બાળકલાકાર, રીઝા ચૌધરીની સાથે છે અને હું આશા રાખું છું કે, દર્શકો અમને જોવાનું પસંદ કરશે. સમગ્ર કાસ્ટ અને ક્રુના સભ્યો ખરેખર ખૂબ જ આવકાર્ય છે, તો મને પણ તેમની સાથે શૂટિંગ કરવાની ખૂબ જ મજા આવી."

# Animal હવે ૧લી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ થિયેટરોમાં ગર્જના માટે તૈયાર છે

સંદીપ રેડ્ડી વાંગા અને રણબીર કપૂરની ફિલ્મ એનિમલ હવે ૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રિલીઝ થશે.

રણબીર કપૂર અભિનીત બહુપ્રતિક્ષિત ફિલ્મ 'એનિમલ' હવે ૧લી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સિલ્વર સ્ક્રીન પર આવશે! આ નવી રિલીઝ તારીખ જબરદસ્ત સામગ્રી સાથે શ્રેષ્ઠ ગુણવત્તાવાળી સિનેમેટિક એક્સ્ટ્રાવેગેન્ઝાનું વચન આપે છે.

વાર્તા કહેવાની તેમની જબરદસ્ત કૌશલ્ય માટે જાણીતા, દિગ્દર્શક, સંદીપ રેડ્ડી વાંગા એક અવિસ્મરણીય સિનેમેટિક અનુભવને દષ્ટિની અને શ્રાવ્ય રીતે પહોંચાડવા માટે




તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સ દ્વારા, તેમણે 'એનિમલ' પ્રત્યેનો તેમનો જુસ્સો અને પાંચેય ભાષાઓમાં સમાન પ્રભાવશાળી અને શક્તિશાળી ગીતો સાથે ફિલ્મનું ઉન્નત સંસ્કરણ રજૂ કરવાની તેમની આતુરતા શેર કરી. આ વધારાનો સમય ટીમને તેમની સામગ્રીને શ્રેષ્ઠ રીતે રજૂ કરવાની પૂરતી તક આપશે, તેની ખાતરી કરીને કે ફિલ્મનું દરેક પાસું શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણોને પૂર્ણ કરે છે.

આ ક્લાસિક ગાથા એસે નિર્માતા ભૂષણ કુમાર દ્વારા બનાવવામાં આવી છે અને આ સિનેમેટિક માસ્ટરપીસમાં અનિલ કપૂર, રણબીર કપૂર, રશ્મિકા મંદન્ના, બોબી દેઓલ અને તૃપ્તિ ડિમરી છે. આ ફિલ્મ ૧લી ડિસેમ્બરે હિન્દી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમમાં રિલીઝ થવાની છે.

## ડબલ્યુટીસી ગિફ્ટ સિટીનું બાંધકામ પૂરજોશમાં, સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થશે

। અમદાવાદ, તા.૧૨ ।

ગિફ્ટ સિટીમાં કાર્યરત અગ્રણી કમર્શિયલ રિયલ એસ્ટેટ કંપની ડબલ્યુટીસી ગિફ્ટ સિટીએ જાહેર કર્યું છે કે સાઈટ ખાતે નિર્માણ કામગીરી ચાલી રહી છે અને ૦૫ જુલાઈ, ૨૦૨૩થી સંપૂર્ણ ક્ષમતાએ પહોંચશે તેમજ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. ટાવર સી ખાતે નિર્માણકાર્ય અને ટાવર બીના આગળના હિસ્સાનું કામ ચાલી રહ્યું છે.

ડબલ્યુટીસી ગિફ્ટ સિટીના અધિકૃત પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે દરેક સપ્તાહે લિઝિંગ સાઈન-અપથી ઉત્સાહિત છીએ, જે અમારા પ્રોજેક્ટમાં સતત વધતી રૂચિ અને વિશ્વાસને પ્રદર્શિત કરે છે. હાલમાં લિઝિંગના દરો પ્રતિ ચોરસફૂટ રૂ. ૩૫થી રૂ. ૬૦ વચ્ચે છે તથા પ્રોજેક્ટની પ્રગતિ સાથે તમામ હીતધારકોનેં ભવિષ્ય ઉજ્જવળ જોવાઈ રહ્યું છે. ટાવર સીમાં બાંધકામ કાર્ય ચાલી રહ્યું છે અને ટાવર બીના આગળના હિસ્સાનું કાર્ય ચાલી રહ્યું છે અને હાલ મજૂરો સાઈટ ઉપર કાર્યરત છે. અમે અત્યાર સુધીની પ્રગતિથી ખુશ છીએ અને ૦૫ જુલાઈથી કાર્ય સંપૂર્ણ ક્ષમતાએ પહોંચવાની આશા રાખીએ છીએ. અમે શિડ્યુલ મૂજબ પ્રોજેક્ટ પૂર્ણ કરવા કટીબદ્ધ છીએ અને તમામ હીતધારકોનો સપોર્ટ ઈચ્છીએ છીએ. વધુમાં, ડબલ્યુટીસીએ માહિતી આપી હતી કે તેણે પ્રોજેક્ટ વિશે ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. તેણે જણાવ્યું હતું કે તેણે ઓળખી કાઢ્યું છે કે કેટલાંક વ્યક્તિઓએ પોતાના અયોગ્ય હિતોને લઈને પ્રોજેક્ટ અને તેના સંચાલન વિશે ખોટી માહિતી ફેલાવવા માટે સાંઠગાંઠ કરી છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે પ્રોજેક્ટની વિશ્વસનીયતાને નબળી પાડવા માટે આવી યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ડબ્લ્યુટીસી ગિફ્ટ સિટીએ પણ લોકોને વિનંતી કરી કે તેમને જે માહિતી મળે તેના સ્ત્રોતનું મૂલ્યાંકન કરે અને વિશ્વસનીય અને સાચા સ્ત્રોતો પર આધાર રાખે.

## ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે ઝી ટીવીના કલાકારો તેમના જીવનના ગુરુ પ્રત્યે તેમનો આભાર વ્યક્ત કરે છે

ગુરુ પૂર્ણિમા એ દરેક આધ્યાત્મિક અને શિક્ષણ ગુરુઓ પ્રત્યેના આદરને સમર્પિત એક ધાર્મિક હિન્દુ તહેવાર છે અને આ વર્ષે તે ૩જી જુલાઈના રોજ ઉજવાશે. આ શબ્દના જ સંસ્કૃત મૂળ છે અને 'ગુરુ' શબ્દનો અર્થ જ 'અંધકાર દૂર કરનાર' એવો થાય છે. આ દિવસની ઉજવણી વાર્ષિક અષાઢ માસની પૂનમના દિવસે થાય છે અને તે દરેક વ્યક્તિના જીવનમાં મહત્વનો ભાગ ભજવતા, દરેક 'ગુરુ' કે શિક્ષકોને સમર્પિત છે.

આ ખાસ પ્રસંગે ઝી ટીવીના કલાકારો જેવા કે, ઐશ્વર્યા ખરે ઉર્ફે ભાગ્ય લક્ષ્મીની લક્ષ્મી, શક્તિ આનંદ ઉર્ફે કુંડલી ભાગ્યનો કરણ, આશી સિંઘ ઉર્ફે મીતની સુમીત અને નિહારિકા રોય ઉર્ફે પ્યાર કા પહેલા નામ રાધા મોહનની રાધા તેમના જીવનના ગુરુ પ્રત્યેનો આભાર વ્યક્ત કરે છે. ઐશ્વર્યા ખરે, જે ઝી ટીવીના



ભાગ્ય લક્ષ્મીમાં લક્ષ્મીનું પાત્ર કરી રહી છે તે કહે છે, "ગુરુ પૂર્ણિમાએ આપણને યાદ અપાવે છે કે, આપણે બીજું કંઈ નથી પણ જીવનના વિદ્યાર્થીઓ છીએ અને તે ખરેખર એક એવી શિક્ષક છે, જે આપણને વિકસવામાં હંમેશા મદદ કરે છે. એક કલાકાર તરીકે, હું એટલું કહીશ કે, જે રીતે એક કલાકાર તેના માર્ગદર્શન માટે કે પ્રેરણા માટે તેમના ગુરુ પર આધાર રાખે છે, આપણે બધા આપણા જીવનના સંબંધિત માર્ગદર્શકો પાસેથી શાણપણ અને જ્ઞાનને શોધીએ છીએ.

## અતિવૃષ્ટિને કારણે ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં બસ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને મોરારીબાપુની શ્રદ્ધાંજલિ અને સહાય

હાલોલ નજીક ચંદ્રપુર ગામે એક ફેક્ટરીની દિવાલ ધસી પડતાં ચાર બાળકોનાં મોત નિપજયા છે. એ ઉપરાંત ભારે વરસાદને લીધે જામનગરમાં એક વ્યક્તિનું મોત થયું છે. મહુવામાં પણ એક દિકરી સાતમા માળેથી પડી જતાં તેનું પણ મોત થયું છે. એ સિવાય તાજા સમાચારો પ્રાપ્ત થઈ રહ્યા છે તે અનુસાર ગઈકાલે રાત્રે મહારાષ્ટ્રમાં નાગપુર અને પુના વચ્ચે બુલઢાણા વિસ્તારમાં એક બસમાં આગ લાગી હતી અને તે દુર્ઘટના ગ્રસ્ત થઈ હતી જેમાં ૨૫ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. પૂજ્ય મોરારીબાપુ દ્વારા ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે મૃત્યુ પામેલા બાળકો અને અન્ય લોકોને પ્રત્યેકને રૂપિયા ૧૫૦૦૦ લેખે સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. મહારાષ્ટ્રની બસ દુર્ઘટનામાં પણ જેમના મૃત્યુ થયા છે તેમને પણ ૧૫૦૦૦ રૂપિયા લેખે સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. આ તમામ ઘટનાઓમાં પૂજ્ય મોરારીબાપુ દ્વારા કુલ મળીને



રુપિયા ચાર લાખ પાંસઠ હજારની સહાય અર્પણ કરવામાં આવી છે. આ રાશિ વિવિધ સ્થળોએ રહેતા રામકથાના શ્રોતાઓ દ્વારા પહોંચાડવામાં આવી રહી છે. પુજ્ય બાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે.

બીજી તરફ ગુજરાતમાં હજુ પણ ભારે વરસાદ વરસી રહ્યો છે અને ક્યાંક ક્યાંક અતિવૃષ્ટિની સ્થિતિ પણ સર્જાઈ રહી છે. એવા સંજોગોમાં પૂજ્ય બાપુએ ગુજરાતના રામકથાના શ્રોતાઓને કોઈ પણ સ્થળે કોઈપણ પ્રકારની સહાય પહોંચાડવા તત્પર રહેવા અને તૈયાર રહેવા અનુરોધ પણ કર્યો છે.

## शक्ति से शिव हैं, शिव से हैं शक्ति!

। નવી દિલ્હી, તા.૧૨ ।

દર્શકોને વાર્તાઓ દ્વારા આકર્ષિત કરવાના તેના ૩૦ વર્ષના વારસાને આગળ વધારતા, એવા પાત્રોનો પરિચય કરાવ્યો છે, જે ભારતના ડિનર સમયના સાથી બની ગયા છે, ભારતના અગ્રણી બ્રોડકાસ્ટર એવું ઝી ટીવી તૈયાર છે, એક નવું, અલગ જ પ્રકારનું નાટક લઈને જેમાં શિવ-શક્તિની ગતીશિલતા પર પ્રેમના ઉપચારને દર્શાવતું નાટક છે. 'સ્ટુડિયો એલએસડી પ્રોડક્શન્સ' દ્વારા પ્રોડ્યુસ આ શોમાં અર્જુન બિજલાની અહીં શિવ તરીકે અને નિક્કી શર્મા શક્તિ તરીકે 'પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિ'માં આકર્ષક જોડી તરીકે જોવા મળશે, જે તેના અદભુત વર્ણનથી દરેકની આત્માને પ્રજવલ્લીત કરવા તૈયાર છે. ભારતના આધ્યાત્મિક પાટનગર- વારાણસી પર આધારીત આ શોમાં એ દર્શાવવામાં આવ્યું છે કે, શું શક્તિ એક એવી સપોર્ટ સિસ્મટ બની શકશે કે જે પ્રેમની શક્તિ દ્વારા તૂટેલા શિવને સાજી કરી શકશે. શોનો પ્રોમોએ પહેલાથી જ ઘણી ધૂમ મચાવી છે, તો દર્શકો જે શોની આતુરતાપૂર્વક



રાહ જોઈ રહ્યા છે, તેનું પ્રિમિયર યોજાશે, ૩જી જુલાઈના રોજ અને તે સોમવારથી રવિવાર સાંજે ૭.૩૦ વાગે ઝી ટીવી પર પ્રસારિત થશે.

તેની રજૂઆતની તૈયારીના ભાગરૂપે આ ચેનલએ શોના મુખ્ય પાત્રોને રજૂ કરશે, પ્યાર કા પહેલા નામ રાધા મોહનના ખાસ એપિસોડ 'રિશ્તોં કા મહાસંગ્રામ'માં. આ બંને શો સ્ટુડિયો એલએસડી દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવ્યો છે અને તે ચેનલ પર એક પછી એક પ્રસારિત થવા તૈયાર છે, ત્યારે અત્યંત પ્રસિદ્ધ રાધા મોહનએ નવા શોની પ્રથમ ઝલક દર્શકોની સામે રજૂ કરવા માટે એક આદર્શ પ્લેટફોર્મ છે અને પ્રિમિયરના પછી બંને વાર્તાની મોહક દુનિયામાં ડૂબી જવાની તક આપે છે.

BOLLYWOOD NEWS FLASH

### રેડિયો પર અંગ્રેજી ન્યૂઝ સાંભળવા અને લોકો સાથે અંગ્રેજીમાં વાતો કરવી, તેમને સાંભળો અને બોલવાની કોશિશ કરવી



## ઓમ પુરીએ હોલીવૂડની ૨૦ ફિલ્મોમાં કામ કરી રેકોર્ડ બનાવ્યો

। મુંબઈ, તા.૧૨ ।

ઓમ પુરીએ ગરીબીમાં પોતાનું બાળપણ પસાર કર્યું હતું. પણ તેમણે પોતાની પરિસ્થિતિઓને દોષ આપવાને બદલે હંમેશા મહેનત અને આગળ વધતા રહેવાનું શિખ્યું. આ જ કારણ છે કે, જ્યારે તેમણે બોલીવૂડ ઈંડસ્ટ્રીમાં પગ મુક્યો તહેલકો મચાવી દીધો. આ ઉપરાંત તેમણે કેટલીય હોલીવૂડ ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. ઓમ પુરીએ એક ઈન્ટરવ્યૂ દરમ્યાન ખુલાસો કર્યો હતો. હું ચાની દુકાનમાં ગ્લાસ ધોવાનું કામ કરતો હતો. તે સમયે હું ૬ વર્ષનો હતો. મને આજે પણ તે પાણીનો ડ્રમ અને ટોટી યાદ છે. તે બાદ મેં એક ઢાબામાં કામ કર્યું. જ્યાંથી મને કાઢી મુકવામાં આવ્યો હતો. એક્ટરે આગળ જણાવ્યું કે, તેમણે પંજાબી મીડિયમમાં અભ્યાસ કર્યો હતો. જ્યારે એક્ટિંગ શિખવા માટે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા પહોંચ્યા તો, પાછા પંજાબ આવી જવા માટે વિચારવા લાગ્યા, કેમ કે ત્યાં તેમને અંગ્રેજીમાં અભ્યાસ કરવાનો હતો અને તેમને તો અંગ્રેજી આવડતી નહોતી. એનએસડીમાં ઓમ પુરીએ સમજાવ્યા કે, અંગ્રેજી તો એક ભાષા છે. આપ જેવી રીતે પંજાબી અને હિન્દી બોલો છે, એવી જ રીતે અંગ્રેજી બોલાય છે. ત્યાર બાદ તેમણે બેત્રણ ટિપ્સ આપી. જેમ કે અંગ્રેજી અખબાર લેવું, જોર જોરથી વાંચવું. રેડિયો પર અંગ્રેજી ન્યૂઝ સાંભળવા અને લોકો સાથે અંગ્રેજીમાં વાતો કરવી. તેમને સાંભળો અને બોલવાની કોશિશ કરવી. ઓમ પુરીએ આગળ જણાવ્યું હતું કે, મને કહેવામાં આવ્યું હતું કે, જો અંગ્રેજી બોલાવામાં ભૂલ થાય તો, શરમાશો નહીં, બેશર્મ થઈને બોલો.

# ફિલ્મ નિર્દશક રામ ગોપાલ વર્માની સત્યા ફિલ્મને ૨૫ વર્ષ પૂર્ણ થયા

। મુંબઈ, તા.૧૨ ।

ફિલ્મ નિર્દશક રામ ગોપાલ વર્માએ એકથી એક જોરદાર ફિલ્મો આપી છે. તેમાંથી એક ફિલ્મ છે સત્યા. આ ફિલ્મ ગેંગસ્ટર પર આધારિત હતી. ૯૦ના દાયકામાં આ ફિલ્મ સૌથી અલગ અને હટકે હતી. સત્યા ફિલ્મ લોકોના મનમાં વસી ગઈ હતી. આ ફિલ્મને ક્લાસિક કલ્ટ માનવામાં આવે છે. જોકે, શું તમે જાણો છો કે, સત્યા ફિલ્મમાં સત્યાનું કેરેક્ટર પહેલા મનોજ બાજપેયી કરવાનો હતો, પરંતુ આવું ન બની શક્યું અને તેણે ભીકુ મ્હાત્રેનો રોલ કર્યો હતો. જ્યારે સત્યાનું કેરેક્ટર જે. ડી. ચક્રવર્તીએ કર્યું હતું. આ ફિલ્મમાં ઉર્મિલા




માર્તોડકર પણ જોવા મળી હતી. સત્યા ફિલ્મથી ફિલ્મ અભિનેતા મનોજ બાજપેયીને એક અલગ જ ઓળખ મળી હતી. આ પહેલા તે ટેલિવિઝન પર છવાયેલો હતો. એટલું જ નહીં આ ફિલ્મ માટે તેને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. આ ફિલ્મની વાત અત્યારે એટલે થઈ રહી છે. કારણ કે, આજથી ૨૫ વર્ષ પહેલા ૩ જુલાઈ ૧૯૯૮ના દિવસે આ ફિલ્મ રિલીઝ થઈ હતી. તે વખતે આ સૌથી અલગ ફિલ્મ ગણાતી હતી. સત્યા ફિલ્મમાં સત્યાના રોલ માટે પહેલા મનોજ બાજપેયીને પસંદ કરવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ તેને ભીકુ મ્હાત્રેનો રોલ આપવામાં આવ્યો હતો. રામ ગોપાલને ભીકુના રોલમાં કડકડાટ હિન્દી બોલતો એક્ટર જોઈતો હતો. એટલે તેણે આ રોલ મનોજ બાજપેયીને આપ્યો હતો. તો આ ફિલ્મમાં ઉર્મિલા માર્તોડકર પણ જોવા મળી હતી, જેણે વિદ્યાનું પાત્ર ભજવ્યું હતું. આપને જણાવી દઈએ કે, આ ફિલ્મમાં ઉર્મિલાની જગ્યાએ પહેલા મહિમા ચૌધરીને લેવાની હતી, પરંતુ તેણે આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. રામ ગોપાલ વર્મા હંમેશા પોતાની ફિલ્મમાં કંઈક અલગ કરવા માટે જાણીતો છે. ત્યારે આ ફિલ્મને રિયલ બનાવવા માટે તેણે મોટા અભિનેતાઓને લેવાની જગ્યાએ મનોજ બાજપેયી, જે. ડી. ચક્રવર્તીથી લઈ ઉર્મિલા માર્તોડકર સુધીના બધા નવા જ ચહેરાઓને લીધા હતા. ફિલ્મના શૂટિંગની વાત કરીએ તો, આ ફિલ્મનું શૂટિંગ કોઈ પણ પ્રકારની સ્ક્રિપ્ટ વગર જ શરૂ કરી દેવાયું હતું.

### અંતરા મોતીવાલા ટીના અંબાણીની ભાણી છે જ્યારે મોહિત મારવાહ એક્ટર અનિલ કપૂરનો ભત્રીજો છે

## બીજીવાર મમ્મી બની ટીના અંબાણીની ભાણી અંતરા

। મુંબઈ, તા.૧૨ ।

એક્ટર મોહિત મારવાહની પત્ની અને ફેશન ક્યુરેટર અંતરા મોતીવાલા બીજીવાર મમ્મી બની છે. અંતરા મોતીવાલા અને મોહિતના બીજા સંતાનનો જન્મ થયો છે. એક દીકરીના પેરેન્ટ્સ અંતરા અને મોહિતના ઘરે આ વખતે દીકરાનો જન્મ થયો છે. ઉલ્લેખનીય છે કે, અંતરા મોતીવાલા ટીના અંબાણીની ભાણી છે જ્યારે મોહિત મારવાહ એક્ટર અનિલ કપૂરનો ભત્રીજો છે. અંતરા અને મોહિતે બીજા બાળકના જન્મની જાહેરાત સુંદર બ્લૂ અને વ્હાઈટ રંગના કાર્ડ થકી કરી હતી. જેમાં



લખેલું છે, "જણાવતા ખૂબ આનંદ થાય છે કે, અંતરા અને મોહિત ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ દીકરાના પેરેન્ટ્સ બન્યા છે. મારવાહ અને મોતીવાલા પરિવાર કૃતજ્ઞતા અનુભવી રહ્યો છે. દાદા-દાદી સંદીપ અને રીના તેમજ નાના-નાની તુષાર અને ભાવના અતિશય ખુશ છે. નાનકડી થિયા પણ પોતાના ભાઈને આવકારીને ઉત્સાહિત છે. જણાવી દઈએ કે, અંતરાની પ્રેગ્નેન્સીની જાણ તેણે રેમ્પ વૉક કર્યુ એ વખતે દુનિયાને થઈ હતી. માર્ચ મહિનામાં અંતરા લેકમે ફેશન વીકના રેમ્પ પર ચાલી હતી અને બેબી બંપ ફ્લોન્ટ કર્યો હતો. તેણે ફૂલ સ્લીવનું ક્રોપ ટોપ અને સ્કર્ટ પહેર્યું હતું. તેના ફ્રેન્ડ્સ અને પરિવારે તેનો ઉત્સાહ વધાર્યો હતો. એક દિવસ અગાઉ જ અંતરાએ તેના પરિવાર અને મિત્રો સાથેની કેટલીક સુંદર તસવીરો શેર કરી હતી.

## અનિલ કપૂર અને આદિત્ય રોયની તકરાર કરશે ઇમ્પ્રેસ

। મુંબઈ, તા.૧૨ ।

ધ નાઈટ મેનેજર'નો પહેલો ભાગ ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં આવ્યો હતો. અનિલ કપૂર, આદિત્ય રોય કપૂર, શોભિતા ધુલિપાલા અને તિલોત્તમા શોમ આ વેબસીરીઝમાં જોવા મળ્યા હતા. જ્હૉન લે કેરેની નવલકથા ધ નાઈટ મેનેજરની હિન્દી ભાષામાં બનેલી રિમેકનું નિર્માણ અને દિગ્દર્શન સંદીપ મોદીએ કર્યું છે. જ્યારે આ સીરિઝના બીજા ભાગનું નિર્દેશન પ્રિયંકા ઘોષે કર્યું છે. બીજો ભાગ ચાર મહિના બાદ હવે રિલીઝ થઈ ચૂક્યો છે. ઓરીજનલ શો કરતા હિન્દી વર્ઝનના એપિસોડ રિલીઝ કરવાની પ્રક્રિયા તદ્દન અલગ છે. પહેલો ભાગ જ્યાં પૂરો થયો હતો, ત્યાંથી જ બીજો ભાગ શરૂ થયો છે. આ ભાગ ટ્વીસ્ટ અને ટર્નથી ભરેલો છે. શૈલી અને શાન સાથે



બની જાય છે અને આ વાત બધાને ચોંકાવી દે છે. પણ આ મિત્રતા લાંબી ચાલશે કે કેમ? તે પ્રશ્ન છે. ધ નાઈટ મેનેજરમાં આદિત્ય રોય કપૂર ભૂતપૂર્વ ઈન્ટેલિજન્સ ઓફિસર શાન સેનગુપ્તાનો રોલ કરી રહ્યો છે. જ્યારે અનિલ કપૂર શૈલેન્દ્ર રૂંગટાનું નેગેટિવ પાત્ર ભજવી રહ્યો છે. નાઈટ મેનેજર રિલીઝ થતાની સાથે યૂઝર્સના મંતવ્યો સામે આવ્યા છે. એક યુઝરે લખ્યું છે કે, નાઈટ મેનેજર જોયું. ૩ એપિસોડમાં અનિલ કપૂર નેગેટિવ રોલમાં, આદિત્ય રોય કપૂરનો રોલ સારો લાગે છે. શોભિતા પડદા પર હોટ લાગે છે. પરંતુ એક્ટિંગ.. ખાસ કરીને ઈમોશનલ સીન થોડા ખેંચી લેવાયા છે, જોકે, એકંદરે ભાગ સારો છે. અન્ય એક યુઝરે પણ રીમેક સિરીઝની વખાણ કર્યા છે. ઘણા ચાહકોને નાઈટ મેનેજરનો બીજો ભાગ ગમ્યો છે.

## પરિવાર સાથે વેકેશન પર નીકળ્યો અક્ષય કુમાર

। મુંબઈ, તા.૧૨ ।

દરેક ફિલ્મ સ્ટાર્સ પોતપાતાના કામમાં ઘણા વ્યસ્ત જોવા મળે છે. એક પછી એક શૂટિંગના કારણે તેઓ કેટલીક વાર રજા પણ માણી નથી શકતા. એવામાં જ્યારે પણ તેમને પરિવાર સાથે સમય પસાર કરવાની તક મળે છે તો તેઓ વેકેશન માણવા જતા રહે છે. તેવામાં હાલમાં જ અક્ષય કુમારે પોતાની નવી ફિલ્મ હાઉસફૂલ ૫ની જાહેરાત કરી હતી અને હવે તે પરિવાર સાથે વેકેશન પર નીકળી ગયો છે. તે વેકેશન પર ક્યાં જઈ રહ્યો છે તે તો હજી જાણવા નથી મળ્યું, પરંતુ તેના ફોટો અને વીડિયો સામે આવ્યા છે. અક્ષય કુમાર હાલમાં જ કુલ લૂકમાં મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો, જ્યાં



તેની સાથે પત્ની ટ્વિંકલ ખન્ના અને દીકરી નિતારા પણ દેખાઈ હતી. સામાન્ય રીતે અક્ષય કુમાર દીકરી સાથે ક્યારેય કેમેરાની સામે નથી આવતો, પરંતુ આ વખતે તે દીકરી નિતારા સાથે ફોટોગ્રાફર્સની સામે જોવા મળ્યો હતો. અત્યારે અક્ષયની દીકરી નિતારાનો વીડિયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે. એરપોર્ટપરઅક્ષયકુમારસ્લિવલેસજેકેટઅનેમેચિંગટ્રેક પેન્ટમાં જોવા મળ્યો હતો. જ્યારે ટ્વિંકલ ખન્નાએ પર્પલ રંગનો શૂટ પહેર્યો હતો. નિતારાની વાત કરીએ તો, તેણે સ્વેટશર્ટ અને જિન્સ પહેર્યું હતું. જોકે, આ કપલ ક્યાં ફરવા ગયું છે. તે હજી સુધી બહાર નથી આવ્યું. અક્ષય કુમારની આવનારી ફિલ્મોની વાત કરીએ તો, 'હાઉસફૂલ' ૫ સિવાય તે ઓએમજી ૨માં જોવા મળશે.

# જસદણના સ્વાતંત્ર્ય સેનાની અકબરઅલી જસદણવાળા

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૨ ।

આજના લોકોને આઝાદીની ખાસ કદર જણાતી નથી. પરંતુ આઝાદી મેળવવા અનેકે શહાદત વહોરી લીધી હતી. તેમજ ગાંધી-સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુએ કરેલા કામોને લોકો સારી રીતે જાણે છે. પણ ઘણા એવા લોકો છે જેઓ આઝાદી મેળવવા માટેની લડાઈમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી ચુકયા હોવા છતાં આ માત્ર પોતાની દેશ પ્રત્યેની ફરજ હોવાનું માની સામાન્ય જીવન જીવી રહ્યા છે. એવા જ એક મુઠ્ઠી ઉંચેરા અમુક સ્વાતંત્ર્ય સેનાની અહીં વાત કરીએ. સ્વ. અકબર અલી અમીજી જસદણ વાલા પણ આવા જ એક સ્વતંત્ર સેનાની થઈ ગયા. તેના પૌત્રીએ જસદણ વાલા એ વાત કરતા જણાવ્યું હતું કે તે જવાહરલાલ નેહરૂ ને મળ્યા હતા અને આઝાદીની લડતમાં ઘણું કામ કર્યું હતું. ૧૯૩૬માં રાજ્યની નોકરી છોડી હતી અને સ્વતંત્ર વકીલાત શરૂ કરી હતી.. ભારતીય રાષ્ટ્રીય



કોંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૪૮માં બંધારણ સભામાં સભ્ય તરીકે જોડાયા હતા જે પછી વિધાનસભામાં ફેરવાઈ હતી. ૧૯૩૧ માં જ્યારે દાંડીકૂચ શરૂ થયું ત્યારે અકબર અલી ૨૧ વર્ષના હતા અને ગાંધીજીને મળવા ગયા તમારે પણ દાંડીકૂચ યાત્રામાં જોડાવું છે પરંતુ ગાંધીજીએ તેને કહ્યું હતું કે તમે યુવાન છો પરિવારને તમારી વધુ જરૂર છે તેથી તમે આ કુચમાં ન જાવ પરંતુ ગાંધીજીના દરેક વિચારો અને તેમને આપેલી શીખ પ્રમાણે તેને ૪૮ ની લડતમાં પૂરેપૂરો સહયોગ આપ્યો અને સ્વતંત્ર સેનાની તરીકે ઓળખાયા.

# ઝાલોદ મ.ચુ.કોઠારી પ્રા. શાળા ઝાલોદ દ્વારા "મેરી મિટ્ટી મેરા દેશ" કાર્યક્રમની ઉજવણી કરાઈ




। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૨ ।

આઝાદી કા અમૃત મહોત્સવ દ્વારા આજ રોજ મ.ચુ.કોઠારી પ્રા. શાળા ના સ્ટાફમિત્રો તથા બાળકો દ્વારા મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ ઉજવાયો એમાં આ કાર્યક્રમ નો વડાપ્રધાન નો દેશ પ્રેમ માટે શહીદો ની સાચી શ્રધાંજલિ આપવા દરેક ગામ માં ૭૫ વૃક્ષો વાવવા તથા આખા દેશ માંથી દરેક તાલુકા માંથી માટી લઈ દિલ્હી ખાતે શહીદ પ થ માટે એ માટી નો ઉપયોગ કરી એક સાચી શ્રધાંજલિ મોદીસરકાર શહીદો ને આપ વા જઈ રહી છે અનેક વિસ્તૃ ત માહિત શાળા ના શિક્ષક મનીષા બેન પટેલ સુંદર માહિતી બાળકો ને આપી હતી. તથા બાળકો ને આ કાર્યક્રમ માં ૫ પ્રતિજ્ઞા લેવડાવી દેશ ભક્તિનું વાતાવરણ બાળકો ના મન માં ઉભું કર્યું હતું. ઝાલોદ મ.ચુ.કોઠારીના શિક્ષકો દ્વારા બાળકોની એક રેલી દેશપ્રેમને લગતા નારા લગાવતા નગરમાં કાઢવામાં આવેલ હતી.

# ભરૂચ માહિતી કચેરી ખાતે ભારતીય પત્રકર સંઘની કારોબારી યોજાઈ



। મલેક ચસદાની ભરૂચ, તા.૧૨ ।

ભારતીય પત્રકાર સંઘ (AIJ) ભરૂચ જિલ્લા દ્વારા ભરૂચ માહિતી કચેરી ખાતે ભરૂચ માહિતી કચેરી ખાતે ભારતીય પત્રકર સંઘની કારોબારી યોજાઈ જેમા ઉપસ્થિત પત્રકારો ને જીલ્લા તેમજ અલગ અલગ તાલુકા ઝોન જિલ્લા અને તાલુકા ઝોનમા સર્વાનુમતે હોદ્દાઓ આપવાના આવ્યાં હતા.સંઘના ગુજરાત રાજ્ય પ્રમુખ હનીફભાઈ ચોથીયા અને સાઉથ ગુજરાત જોન પ્રમુખ ઈમરાન કરોળિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.ઉપરાંત વીરલ ગોહિલ ભરૂચ જિલ્લા પ્રમુખ,અકબરભાઈ દિવાન ભરૂચ જિલ્લા પ્રભારી,સાબીરભાઈ સૈયદ ભરૂચ જિલ્લા મહામંત્રી તેમ જ સંઘના જીલ્લા તેમ જ તાલુકાના વિવિધ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં પત્રકરોએ હજરી આપી હતી. કારોબારી મા મુખ્ય અતિથી તરીકે પધારેલા સંઘ પ્રદેશ પ્રમુખે હનીફભાઈ ચોથીયાએ ઉપસ્થિત હોદ્દેદારો અને પત્રકારોને સંઘની કામગીરી અને ઉદ્દેશો વિશે માહિતી આપી હતી તેમ જ આગામી દિવસોમા સંઘના કાર્યક્રમો ની માહિતી આપી એ વિશનુ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતુ. નવા નીમાયેલા હોદ્દેદારોનું પ્રદેશ પ્રમુખ દ્વારા સમ્માન કરવમાં આવ્યુ હતુ.

# ભરૂચના તપોવન સંકુલ ખાતે "મારી માટી, મારો દેશ" કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી



। કેતન મહેતા ભરૂચ, તા.૧૨ ।

સ્વાતંત્ર્ય પર્વના અવસરે માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાના હેતુથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી સમગ્ર દેશમાં 'મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જિલ્લામાં ''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' અભિયાનમાં જોડાવાની સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ કરાયેલા આ દેશવ્યાપી અભિયાન અંતર્ગત દેશવાસીઓમાં રાષ્ટ્રીભાવના બળવત્તર બનાવવા માટે ''મેરી માટી, મેરા દેશ'' અભિયાન શરૂ કરાયું છે. જેના ભાગરૂપે ભરૂચના તપોવન સંકુલ ખાતે શાળાના આચાર્ય શ્રી દિવ્યેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતિ ઉર્વશીબેને કર્યું હતું.આ અભિયાન અંતર્ગત ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા માટીમાંથી દીવા બનાવવામાં આવ્યા હતા.

# શ્રીમતિ જ્યોતિબેન જગતાપની નર્મદા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિનાં સભ્ય તરીકે નિમણુંક

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૨ ।



નાયબ સચિવ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્રમુજબ ભારતીય જનતા પાર્ટીના નર્મદા જિલ્લા મહિલા મોર્ચામાં મંત્રી શ્રીમતિ જ્યોતિબેન જગતાપની નિમણૂક નર્મદા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિનાં સભ્ય તરીકે કરવામાં આવી છે. તેમની સાથે કલેકટર, ડીએસપી, સાંસદ, ધારાસભ્ય સહીતસરકારી તથા બિન સરકારી કુલ ૨૨સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી સમાજમાં બનતા મહિલા અત્યાચારના બનાવોના નિવારણમાં સ્વૈછિક મહિલા કાર્યકરોના અનુભવનો લાભ મેળવી શકાય અને પોલીસ તપાસની વિશ્વસનિયતા વધે તથા મહિલા વિરોધી ગુન્હાઓમાં સંડોવાયેલા તત્વોને ખુલ્લા પાડી તેમને સજા થાય તે હેતુથી તથા અટકાયા ત્મક તથા નિવારક પ ગલાંઓની વિસ્તારપૂર્વક ચર્ચા કરી શકાય તે હેતુથી રાજ્યના દરેક જિલ્લાઓમાં જિલ્લા મહિલા સુરક્ષા સમિતિની રચના કરવાનું ઠરાવેલ છે. ગૃહ વિભાગના વંચાણ-૨ ના પત્રથી નર્મદા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિમાં નિમણૂંક આપવા માટે સરકારદ્વારા પસંદ કરવામાં આવેલ બિનસરકારી સભ્યોના નામની યાદી મોકલી, જિલ્લા મહિલા સુરક્ષા સમિતિમાં તેઓને નિમણૂંક કરવામાં આવેલ છેજેમાં સરકારી અને બિન સરકારીકુલ ૨૨સભ્યોની નિમણુંક કરવામાં આવી છે ગૃ હ વિભાગના વંચાણ-૨ ના પ ત્રથી નર્મદા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિમાં નિમણૂંક આપવા માટે સરકારદ્વારા પસંદ કરવામાં આવેલ બિનસરકારી સભ્યોના નામની યાદી મોકલી, જિલ્લા મહિલા સુરક્ષા સમિતિમાં તેઓને નિમણૂંક કરવામાં આવેલ છેજેમાં સરકારી અને બિન સરકારીકુલ ૨૨સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

# જસદણના આટકોટના કૈલાસનગર વિસ્તારમાં પાંચ શ્વાનોના મોત છ ને ઝેરી અસર



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૨ ।

જસદણના આટકોટ કૈલાસનગર દેવી પૂજક વિસ્તારમાં આજે સવારે એકી સાથે રખડતાં ભટકતાં પાંચ શ્વાનોના મોત થતાં અને છ શ્વાનોને ઝેરી અસર થતાં જીવદયા પ્રેમીઓમાં ભારે હાહાકાર મચી જવા પામ્યો હતો આટકોટના દેવીપૂજક વિસ્તારમાં સવારે એક પછી એક પાંચ શ્વાનો તરફડીને મૃત્યુ પામ્યા હતાં જેના પગલે આટકોટ પોલીસ અને જીવદયા પ્રેમીઓ દોડી ગયા હતાં અને જે શ્વાનોને ઝેરી અસર થઈ હતી તેઓને ૧૯૬૨ એમ્બ્યુલ્સ બોલાવી સારવાર આપવામાં આવતાં છ શ્વાનો બચી ગયા હતા અને પાંચના મૂત્યું થયાં હતાં આટકોટ જસદણ પંથકમાં હજજારો શ્વાનો રખડી રહ્યાં છે આ બાબતે તંત્રવાહકો અને નેતા નેતીઓ નિષ્ક્રિય હોવાથી આવી અનેકવાર ઘટના બની છે ત્યારે આટકોટમાં પાંચ શ્વાનો કેવી રીતે મરણ પામ્યાં ? તે અંગે ખરાંઈ કરી જવાબદારો સામે પગલાં ભરવા જરૂરી છે એમ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# આર્થિક રીતે પછાત વર્ગની ૧૦૦ દીકરીઓને શ્રી નિલેશભાઈ પટેલ ગર્લ ચાઇલ્ડ સ્કોલરશિપનો લાભ પ્રાપ્ત થયો

આર્થિક કટોકટી એ કોવિડ-૧૯ રોગચાળાના સૌથી ખરાબ વિનાશકારી પરિણામો પૈકીનું એક છે. સમાજના સૌથી નીચલા તબક્કાના પ રિવારો તેનાથી સૌથી વધુ પ્રભાવિત થયાં છે, જેમની પાસે નાણાકીય સંસાધનો નહીં હોવાથી બાળકોના શિક્ષણ સહિત તેમનું અસ્તિત્ત્વ ટકાવાના ફાંફા પડી ગયાં છે. આ પ્રકારના પ ડકારજનક સમયમાં સમગ્ર ગુજરાતના આર્થિક રીતે નબળા પરિવારોની પરંતુ ભણવામાં તેજસ્વી ૧૦૦ દીકરીઓને શ્રી નિલેશભાઈ પ ટેલ ગર્લ ચાઈલ્ડ સ્કૉલરશિપનો લાભ મળ્યો, જેમના એક વર્ષના શિક્ષણનો ૧૫,૦૦૦ની સ્કૂલ ફિસ આ સ્કૉલરશિપ મારફતે પૂરો પ ડવામાં આવી. આ કાર્યક્રમમાં એન. કે. પ્રોટીન્સ તરફથી શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે સ્વાભાવિક રીતે જ, સૌને લાગ્યું કે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કંઈક કરવું જોઈએ. એમાંથી શ્રી નિલેશભાઈ પટેલ ગર્લ ચાઇલ્ડ સ્કોલરશીપ પ્રોગ્રામનો પ્રારંભ થયો. આ સ્કોલરશીપ પ્રોગ્રામ સમાજના ઉત્થાન માટે વિવિધ રીતે પ્રયત્નશીલ કર્મા ફાઉન્ડેશનના સહયોગમાં ચલાવવામાં આવી રહ્યો છે.

# નર્મદા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા શિક્ષણની પડતર માગણી માટે રાજપીપલામાં શિક્ષકોનાં મૌનધરણા

## આ પ્રસંગે નર્મદા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનાં પ્રમુખ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૨ ।

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ, આયોજીત અને નર્મદા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા શિક્ષણની પડતર માગણીનો સંદર્ભે રાજપીપલામાં શિક્ષકોએ આજે મૌનધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો.જેમાં નર્મદા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ , ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, આચાર્ય સંઘ, વહીવટી સંઘનાં શિક્ષકો ધરણા પ્રદર્શનમાં જોડાયા હતાં



આ પ્રસંગે નર્મદા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનાં પ્રમુખ

દિગ્વિજયસિંહ રાઠોડ તથા આચાર્ય સંઘ નાં પ્રમુખ નિલેશ વસાવાએ શિક્ષકોની પડતર માંગણીઓ સંદર્ભે જણાવ્યું હતું કે

(૧) શિક્ષક કચારીઓની 100% કાયમી ભરતી તથા બિન શૈક્ષબ્રિક કર્મચારીઓને

બઢતી આપ્યા બાદ ખાલી જગ્યા પર કાયમી ભરતી સત્વરે પૂર્ણ કરવી. બિન શૈક્ષણિકકર્મચારીઓ કારકુન, ગ્રંથપાલ, પટાવાળા, પ્રયોગશાળા મ.શિ.ની ભરતીની સંચાલકમંડળને સવરે મંજૂરી આપવી,

(૨)કાયમી શિક્ષકની ભરતી ન થાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકની ભરતીની સંચાલક મંડળને છૂટ આપવી.

(૩) સરકારશ દ્વારા ઉકેલવામાં આવેલ નીચેના પ્રશ્નોના ઠરાવ તાત્કાલિક બહાર પાડવો

(૧) તા.૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલ શિક્ષક, કર્મચારીઓને જુની પેન્શન

યોજના લાગુ પાડતો પરિપત્ર કરવો.

(૨) અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓની પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિ રદ

કરી વર્ગ આધારિત ગ્રાન્ટમાં સુધારી કરી પ રિપત્ર કરવો.

(૩) આચાર્યને તા.૫-૧-૧૯૯૫ના ૧ ઈજાફા આપવા બાબતનો પરિપત્ર કરવો.

(૪) બિન શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ તા.૧૬-૮-૨૦૧૭ના ઠરાવથી રદ કરેલ છે

# પશ્ચિમ રેલવે દ્વારા ઓખા-જયપુર એક્સપ્રેસના સિદ્ધપુર સ્ટેશન પર, પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસનું મહેસાણા સ્ટેશન વધારાનું સ્ટોપેજ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધા ને ધ્યાનમાં રાખીને, ટ્રેન નં. ૧૯૫૭૩/૧૯૫૭૪ ઓખા-જયપુર-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ નું સિદ્ધપુર સ્ટેશન પર અને ટ્રેન નંબર ૧૯૨૬૯/૧૯૨૭૦ પોરબંદર-મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન ના મહેસાણા સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેની વિગતો નીચે મુજબ છે.

- ટ્રેન નંબર ૧૯૫૭૩ ઓખા-જયપુર સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નો ૧૪ ઓગસ્ટ ૨૦૨૩ થી સિદ્ધપુર સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૬.૨૯/૦૬.૩૧ કલાકે અને ટ્રેન નંબર ૧૯૫૭૪ જયપુર-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નો ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ થી સિદ્ધપુર સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૧.૫૬/૦૧.૫૮ કલાકનો રહેશે.
- ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નો ૧૭ ઓગસ્ટ ૨૦૨૩ થી મહેસાણા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૪.૩૮/૦૪.૪૦ કલાકે અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન નો ૧૩ ઓગસ્ટ ૨૦૨૩ થી મહેસાણા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૩.૪૫/૦૩.૪૭ કલાકનો રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. અનોય તમારે વધારો પડતો સમય માગશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તબિયત પર ધ્યાન આપવું પડશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજ ના દિવસે ધન હાનિ થવાની સંભાવના છે તેથી લેણદેણની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પત્ની સાથે સંબંધો સુમેળભર્યા બનાવવા માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે.

### ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી મુશ્કેલી

# રુદ્રપ્રયાગમાં કાટમાળ નીચેથી કાર મળી, પાંચ મૃતદેહ બહાર કઢાયા

### નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. અનેક મેદાની વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા, ઘણી જગ્યાએ રસ્તા બંધ થઈ ગયા

। રુદ્રપ્રયાગ, તા.૧૨ ।

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં કાટમાળ હટાવતી વખતે એક કાર કાટમાળ નીચે દબાયેલી ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવી છે. રુદ્રપ્રયાગ પીલીસના જણાવ્યા અનુસાર પાંચ મુસાફરોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. હાલ પોલીસ અને પ્રશાસનની ટીમ મૃતદેહ ઓળખની કાર્યવાહી કરી રહી છે. ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટના બની રહી છે. નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. અનેક મેદાની વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ઘણી જગ્યાએ રસ્તાઓ બંધ થઈ ગયા છે, તેને ફરીથી કાટમાળ હટાવીને ખોલવાનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન રુદ્રપ્રયાગથી મોટા સમાચાર સામે આવ્યા છે જેમા ભૂસ્ખલન બાદ અહીંનો રસ્તો ખોલવામાં આવી રહ્યો હતો તે દરમિયાન કાટમાળ નીચે દબાયેલી ક્ષતિગ્રસ્ત કાર મળી આવી છે. કારમાંથી પાંચ લોકોના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. કારમાંથી પાંચ લોકોના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### યુનિવર્સિટીમાં પ્રથમ હિન્દુ આધ્યાત્મિક કાર્યક્રમની જ્વલંત સિદ્ધી

# મોરારી બાપુનો કેમ્બ્રીજ યુનિવર્સિટી રામકથાનો ઐતિહાસિક કાર્યક્રમ

આધ્યાત્મિક ગુરૂ શ્રી મોરારી બાપુ ૧૨થી ૨૦ ઓગસ્ટ દરમિયાન કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ૯ દિવસ રામકથા કરશે. પૂજ્ય બાપુની આ રામકથા સાથે ઐતિહાસિક ક્ષણનું સર્જન થશે કેમ કે વિશ્વની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રાંગણમાં પહેલી વખત હિન્દુ આધ્યાત્મિક કાર્યક્રમ યોજાશે. કેમ્બ્રિજ યુનિવર્સિટીની જીસસ કોલેજમાં રામકથાનો કાર્યક્રમ યોજાશે. આ કથા ભારતીય અને અંગ્રેજી સંસ્કૃતિઓ વચ્ચેના લાંબા ગાળાના સંબંધોના ઉત્સવરૂપે હોવાનું માનવામાં આવે છે. કેમ્બ્રિજ એક પ્રેરણાદાયી શહેર છે જે ઈતિહાસ, સંસ્કૃતિ અને વિશ્વમાં પરિવર્તન લાવનાર શોધોથી સમૃદ્ધ છે. તે વિશ્વની ત્રીજી સૌથી જૂની યુનિવર્સિટી - કેમ્બ્રિજ યુનિવર્સિટીનું ઘર છે અને અન્ય કોઈ પણ શહેર કરતા વધુ નોબેલ પારિતોષિક વિજેતાઓ ધરાવે છે. રામકથા મારફત પૂજ્ય બાપુ જ્ઞાન અને આધ્યાત્મિકતાના વિશ્વને એક સાથે લાવશે. બાપુ અવારનવાર આ વિશે વાત કરતા હોય છે. કેમ્બ્રિજ એક એવું સ્થળ છે કે જ્યાં યુવાન પુરુષો અને સ્ત્રીઓ શિક્ષણ અને પ્રગતિ માટે આવે છે. મોરારી બાપુના પ્રવચનો લોકોને વ્યક્તિગત વિકાસ માટે તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને શીખવા માટે પ્રેરિત કરતા હોય છે. તેમનું પ્રવચન પણ વાર્તા કહેવા માટેનું એક શક્તિશાળી પરિવર્તનકારી માધ્યમ છે. આ કાર્યક્રમ સર્વાંગી શિક્ષણના ભાગરૂપે વિશ્વ સાહિત્ય, પૌરાણિક કથાઓ અને સાંસ્કૃતિક કથાઓના મહત્વને જાણવાની તક પણ પ્રદાન કરશે. મોરારી બાપુ એ હિન્દુ ધર્મના જ્વલંત પ્રકાશરૂપ છે અને તેઓ ધર્મના સમૃદ્ધ વૈદિક મૂળનો પ્રચાર કરે છે. તેમણે મહાકાવ્ય રામાયણને લોકોના હૃદય અને ઘરોમાં સત્ય, પ્રેમ અને કરુણાના સાર્વત્રિક મૂલ્યો સ્થાપિત કરવા માટેનું પોતાનું એક માધ્યમ બનાવ્યું છે. તેમની કથાઓમાં તેઓ આ મહાન હિન્દુ મહાકાવ્યને આજે આપણા માટે પ્રસ્તુત બનાવે છે તેમજ વીતેલા યુગની આ સમૃદ્ધ વાર્તાઓ અને દૈવી પાત્રોને જીવંત કરે છે. આજે, ભારત અને વિદેશમાં લાખો લોકો રામાયણથી લઈને ભગવદ્ ગીતા સુધીના પ્રાચીન ગ્રંથો વાંચી રહ્યા અને તેમાંથી શીખી રહ્યાં છે.

# ઉત્તરાખંડના છ જિલ્લામાં વરસાદને લઈને ઓરેન્જ-રેડ એલર્ટ જારી કરાયું

### હવામાન વિભાગ દ્વારા ઉત્તર પ્રદેશ અને બિહારના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હીમાં છેલ્લા ૧૫ દિવસથી કઈ ખાસ વરસાદ નથી થયો. જો કે ભારતના ઘણા રાજ્યોમાં વરસાદ ચાલુ છે. ઉત્તરાખંડમાં કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવે હવામાન વિભાગે ઉત્તરાખંડના ૬ જિલ્લામાં ઓરેન્જ અને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગનું કહેવું છે કે ૧૨થી ૧૪ ઓગસ્ટ વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય ઉત્તર પ્રદેશ અને બિહારના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત બિહાર, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલયમાં આગામી ૫ દિવસ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. બીજી તરફ દેશના બાકીના ભાગોમાં આગામી કેટલાક દિવસો સુધી વરસાદ થવાની સંભાવના ઓછી છે. મધ્યપ્રદેશ અને રાજધાની દિલ્હીમાં વરસાદની કોઈ શક્યતા નથી. અહીં વાદળો છવાયા રહેશે અને જોરદાર પવન ફૂંકાતો રહેશે. દિલ્હીમાં ૧૫ ઓગસ્ટ બાદ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર ઉત્તર પ્રદેશમાં ૧૨થી ૧૪ ઓગસ્ટ વચ્ચે વરસાદ પડી શકે છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૧૪ ઓગસ્ટ સુધી ભારે વરસાદની સંભાવના છે. રાજસ્થાનમાં ૧૫ ઓગસ્ટ પછી વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશમાં પણ ૧૪ ઓગસ્ટ સુધી વરસાદની કોઈ શક્યતા નથી. આ દરમિયાન કેટલીક જગ્યાએ ઝરમર વરસાદ પડી શકે છે. જો કે ૧૫ ઓગસ્ટ પછી મુશળધાર વરસાદ શરૂ થઈ શકે છે. બિહારના ૯ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.મળેલા અહેવાલો મુજબ બિહાર, ઝારખંડ, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ, મેઘાલય, નાગાલેન્ડ અને હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં આગામી ૨૪ કલાકમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય છત્તીસગઢ, ઓડિશા, પૂર્વોત્તર ભારત, આંતરિક કર્ણાટક, કેરળ અને તમિલનાડુમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. માત્ર મધ્યપ્રદેશ, કોંકણ ગોવા, લક્ષદ્વીપ અને આંધ્રપ્રદેશમાં જ ઝરમર વરસાદની શક્યતા છે. આ સિવાય છત્તીસગઢ, ઓડિશા, પૂર્વોત્તર ભારત, આંતરિક કર્ણાટક, કેરળ અને તમિલનાડુમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. માત્ર મધ્યપ્રદેશ, કોંકણ ગોવા, લક્ષદ્વીપ અને આંધ્રપ્રદેશમાં જ ઝરમર વરસાદની શક્યતા છે.




પેઇન્ટેડ ચહેરા અને હાથ સાથે શાળાના વિદ્યાર્થીઓ જમ્મુમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારી કરી રહ્યા છે.

# શ્રીનગરમાં અપગ્રેડેડ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત

### પાકિસ્તાન-ચીન બંને મોરચે સામનો ભારત સુસજ્જ, આ ફાઈટર જેટ્સ મિગ ૨૧ એરક્રાફ્ટની જગ્યાએ તૈનાત

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતે પાકિસ્તાન અને ચીન બંને મોરચે કોઈપણ સંભવિત ખતરાનો સામનો કરવા શ્રીનગરમાં પર અપગ્રેડેડ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત કરવામાં આવ્યા છે. આ ફાઈટર જેટ્સને મિગ ૨૧ એરક્રાફ્ટની જગ્યાએ તૈનાત કરવામાં આવ્યા છે. ભારતે પુલવામા હુમલા બાદ વર્ષ ૨૦૧૯માં બાલાકોટમાં હવાઈ હુમલો કરીને ઘણા આતંકવાદી ઠાર કર્યા હતા. આ હુમલાથી ગુસ્સે થઈને પાકિસ્તાને તેના એફ-૧૬ ફાઈટર જેટ્સ વડે ભારતમાં હવાઈ હુમલાનો પ્રયાસ પણ કર્યો હતો, જેનો ભારતના મિગ-૨૧ ફાઈટર જેટ્સ દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. હવે ભારતીય વાયુસેનાએ શ્રીનગર એર બેઝ પર આ મિગ-૨૧ એરક્રાફ્ટની જગ્યાએ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત કર્યા છે. આ વર્ષે જાન્યુઆરીમાં કાશ્મીર ઘાટીમાં આધુનિક એડવાન્સ્ડ મિગ-૨૯ યુપીજી એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા હતા. હવે અદ્યતન મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન કાશ્મીર ઘાટીના નવા તારણહાર બની ગયા છે. ભારતીય વાયુસેનાના મોટાભાગના મિગ-ક્લાસ એરક્રાફ્ટને તબક્કાવાર દૂર કરવામાં આવ્યા હોવા છતાં, મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રનમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, જેણે તેની લડાયક ક્ષમતામાં વધારો કર્યો છે. ભારતીય વાયુસેનાના પાયલટ સ્ક્વોડ્રન લીડર વિપુલ શર્માએ જણાવ્યું કે, ‘શ્રીનગર કાશ્મીર ખીણની મધ્યમાં આવેલું છે અને તેની ઊંચાઈ મેદાની વિસ્તારોથી વધુ છે. સરહદની નજીક હોવાને કારણે ઓછા સમયમાં વધુ સારી પ્રતિક્રિયા આપી શકે તેવું વિમાન હોવું વ્યૂહાત્મક રીતે યોગ્ય છે. મિગ-૨૧થી મિગ-૨૯ને અલગ પાડતી બીજી બાબતમાં આ ફાઈટર જેટ્સની અદ્યતન ટેક્નોલોજી સજ્જ છે. મિગ-૨૧ની સરખામણીમાં મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રનના ઘણા ફાયદા છે. જો કે, મિગ-૨૧ સ્ક્વોડ્રનને ઓછું આંકી શકાય તેમ નથી, જેણે કાશ્મીર ખીણમાં વર્ષોથી સફળતાપૂર્વક તેની ફરજો બજાવી છે અને ૨૦૧૯માં બાલાકોટ એરસ્ટ્રાઈક પછી પીએએફના એફ-૧૬ ને તોડી પાડવા, પાકિસ્તાની આતંકવાદી છાવણીઓને બોમ્બ ફેંકવામાં સફળ રહ્યા છે.

# અમેરિકાના હવાઈના જંગલમાં લાગેલી આગમાં મૃતાંક વધીને ૬૭

। હવાઈ, તા.૧૨ ।

અમેરિકામાં આવેલા ભીષણ વાવાઝોડાની સાથે સાથે હવાઈ ટાપુઓ પર આવેલા ‘ટોર્નેડો’એ અહીંના જંગલોમાં આગને વધુ વેગ આપ્યો છે. લહેના શહેર આગને કારણે તબાહ થઈ ગયું છે. હવાઈના માઉ ટાપુમાં આવેલા ભીષણ વાવાઝોડાને કારણે જંગલમાં આગ વધુ વધી ગઈ છે. હવાઈ ટાપુઓમાં આ આગ સતત વિકરાળ સ્વરૂપ લઈ રહી છે. અમેરિકાના હવાઈના જંગલમાં લાગેલી આગમાં મૃત્યુઆંક વધીને ૬૭ થઈ ગયો છે. એક ખાનગી મીડિયાએ માયુ કાઉન્ટી સરકારને ટાંકીને એક અહેવાલમાં જણાવ્યું છે કે હવાઈના ભયાનક જંગલમાં લાગેલી આગમાં મૃત્યુઆંક ૬૭ પર પહોંચી ગયો છે. સરકાર તરફથી મૃતકોની સંખ્યા આપતા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હવાઈ ટાપુના જંગલોમાં લાગેલી આગ હજુ બુઝાઈ નથી. હવાઈના ગવર્નરે રાજ્યની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. યુએસ રાષ્ટ્રપતિ જો બાયડેને ગઈકાલે હવાઈના ગવર્નર જોશ ગ્રીન સાથે વાત કરી હતી. હવાઈના જંગલોમાં ૮ ઓગસ્ટથી આગ લાગી છે જે સતત ફેલાઈ રહી છે. આટલું જ નહીં આ ટાપુના ઐતિહાસિક નગરોનો મોટો હિસ્સો આગને કારણે નાશ પામ્યો છે. જંગલમાં લાગેલી આગને કારણે લાહૈના શહેરમાં પ્રવાસી સ્થળોને મોટું નુકસાન થયું છે. યુએસ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હવાઈમાં આ જંગલની આગના ઝડપી પ્રકોપ માટે ચક્રવાત પણ જવાબદાર છે, જેના જોરદાર પવનોએ આગને ખૂબ જ ઝડપથી ફેલાવી છે. રાષ્ટ્રપતિ જો બાયડન પણ હવાઈમાં લાગેલી આ ભીષણ આગને કારણે જાનમાલના નુકસાનને રોકવા માટે કેન્દ્રીય મદદ મોકલી છે. જણાવવામાં આવ્યું છે કે, યુએસ આર્મીની સાથે કોસ્ટ ગાર્ડ અને નેવીને પણ બચાવકાર્ય માટે તૈનાત કરવામાં આવ્યા છે.

## વિશેષ

### જિલ્લાના તમામ ૪૬૯ ગામોમાં જનભાગીદારી થકી ભવ્ય ઉજવણી કરાઈ

# અમદાવાદ જિલ્લામાં “માટીને નમન, વીરોને વંદન” થીમ અંતર્ગત રાષ્ટ્રભક્તિનું અનોખું પર્વ ઉજવાયું

### ઠેર-ઠેર લોકોએ હાથમાં મુઠ્ઠીભર માટી લઈ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા માટે સામૂહિક ‘પંચ પ્રણ’ પ્રતિજ્ઞા લીધી

। મિતેષ પટેલ, માહિતી ખાતુ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે આ વર્ષની ઉજવણીની થીમ માટી સાથે સંકળાયેલી છે. ‘મારી માટી, મારો દેશ’ અભિયાન અંતર્ગત સમગ્ર દેશ માતૃભૂમિને વંદન કરી રહ્યો છે સાથે સાથે માતૃભૂમિ માટે પ્રાણ ન્યોછાવર કરનારા વીરોની વંદના કરી રહ્યો છે.

અમદાવાદ જિલ્લામાં પણ જનભાગીદારી થકી ‘મારી માટી, મારો દેશ’ અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ચાર દિવસ સુધી ચાલી રહેલી આ ઉજવણીમાં જિલ્લાના તમામ ૪૬૯ ગામોમાં તબક્કાવાર આ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લામાં ઠેર ઠેર વીર શહીદોની યાદમાં શિલાફલકમનું નિર્માણ કરાયું હતું. આ ઉપરાંત ગ્રામ પંચાયત દીઠ ૭૫ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું હતું એટલે કે જિલ્લામાં આશરે ૩૫,૧૭૫ થી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ગ્રામ પંચાયતોમાં ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો દ્વારા ધ્વજવંદનનો પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામના લોકોએ મળી હાથમાં મુઠ્ઠીભર





માટી લઈ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા માટે સામૂહિક રીતે ‘પંચ પ્રણ’ પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે જિલ્લાના લોકોએ સેલ્ફી ક્લિક કરી આ અભિયાનની વેબસાઈટ પર પણ અપલોડ કરી ઉજવણીને વધુ યાદગાર બનાવી હતી. આ પ્રસંગે તમામ પંચાયત ખાતે વીર શહીદોના પરિવારજનો અને નિવૃત સુરક્ષાકર્મીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

‘મારી માટી, મારો દેશ’ અભિયાન અંતર્ગત શાળાઓમાં પણ ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાઈ હતી. તમામ બાળકોએ પણ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ચાર દિવસથી અમદાવાદ જિલ્લાના તમામ ગામોમાં તબક્કાવાર ‘મારી માટી, મારો દેશ’ અભિયાનની ઉજવણી યાદગાર ઉજવાઈ હતી. તા. ૯મી ઓગસ્ટે ૧૨૩ ગામ ખાતે કાર્યક્રમો યોજાયા હતા. તા. ૧૦મી ઓગસ્ટે ૧૪૭ ગામ ખાતે ઉજવણી કરાઈ હતી જ્યારે તા. ૧૧મી ઓગસ્ટે ૧૫૯ ગામ અને તા.૧૨મી ઓગસ્ટે ૪૦ ગામો ખાતે ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી.

તમામ ગામમાં અમૃત સરોવરો સહિતના જળાશયો ખાતે, શાળાના મેદાનમાં, પંચાયત ખાતે અને મંદિરના પ્રાંગણમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૨૫૭ ગામોમાં અમૃત સરોવરો સહિતના જળાશયો ખાતે ઉજવણી કરાઈ હતી. ૧૬૦ ગામોમાં શાળાના મેદાનમાં ઉજવણી કરાઈ હતી જ્યારે ૩૭ જેટલા ગામોમાં પંચાયત ખાતે અંર ૧૫ ગામોમાં મંદિરના પ્રાંગણ ખાતે લોકભાગીદારી થકી ઉજવણી કરવામાં આવી હતી.

**આમ, સમગ્ર અમદાવાદ જિલ્લો રાષ્ટ્રભક્તિના રંગે રંગાયો હતો.**

આ અંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે જણાવે છે કે, અમદાવાદ જિલ્લાના તમામ ગામોમાં જનભાગીદારી થકી ‘મારી માટી, મારો દેશ’ અભિયાનની ભવ્ય અને યાદગાર રીતે ઊજવણી કરવામાં આવી. જિલ્લા વહીવટી તંત્રના સકારાત્મક પ્રયાસ અને લોકોના સાથ સહકારથી ઠેર-ઠેર રાષ્ટ્રભક્તિ છવાઈ.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં મેઘરાજા હમણાં ધડબડાટી નહીં બોલાવે

। અમદાવાદ, તા.૧૨ ।

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં વરસાદનું જોર વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી નથી. હવામાન વિભાગે રાજ્યમાં મોટાભાગે હળવો અને કેટલાક ભાગમાં સામાન્ય વરસાદ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. પાછલા કેટલાક સમયથી વરસાદે વિરામ લીધો છે ત્યારે ખેડૂતો ખેતી કામમાં લાગી ગયા છે. પરંતુ હવે તેમને સવાલ થઈ રહ્યો છે કે પિયત કરવું કે નહીં કારણ કે જો તેઓ પિયત કરી દે અને વરસાદ આવી જાય તો ખેતીને નુકસાન થઈ શકે છે. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતી દ્વારા શુક્રવારે જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં ભારે વરસાદની સંભાવના નથી. પરંતુ હળવો વરસાદ રહી શકે છે. આ સાથે તેમણે દક્ષિણ ગુજરાત પર બનેલી સિસ્ટમની પણ વાત કરી હતી. રાજ્યમાં હાલ વરસાદનું જોર ઘટ્યું છે તેવામાં તાપમાનમાં મોટો ફેરફાર નથી થયો.

### સાંતલપુરમાં પરિવારનો જીવન ટુંકાવવાનો પ્રયાસ, 3નાં મોત

। જુનાગઢ, તા.૧૨ ।

જુનાગઢના વંથલી તાલુકાના સાંતલપુર ઘાર ગામે એક દુઃખદ ઘટના સામે આવી છે. જેમાં એક જ પરિવારના ચાર સભ્યોએ જીવન ટુંકાવવાનો પ્રયાસ કર્યો . પરિવારમાં માતા-પિતા તથા દીકરા દીકરીએ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં માતા-પિતા સહિત દીકરાનું મોત નિપજ્યું છે. જ્યારે દીકરીની હાલ સારવાર ચાલી રહી છે. અત્યાર સુધી સમગ્ર પરિવારે જીવન ટુંકાવવાનો પ્રયાસ કેમ તે અંગેનું કારણ હજુ જાણવા મળ્યુ નથી. સારવાર લઈ રહેલી દીકરી અત્યારે ગંભીર રીતે અસરગ્રસ્ત છે. સમગ્ર ઘટનાની જાણકારી મળતા પોલીસ ઘટના સ્થળે પ હોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. જો કે, હજુ સુધી સમગ્ર પરિવારની જીવન ટુંકાવવાનું ચોક્કસ કારણ અકબંધ છે.મળતી માહિતી મુજબ પરિવારના ત્મામ સભ્યોએ વાડીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ ૧૫ વર્ષીય હેપી વિકાસભાઈ દુધાત્રા સારવાર હેઠળ છે, જ્યારે ૪૫ વર્ષીય વિકાસભાઈ દુધાત્રા, ૧૨ વર્ષીય વિકાસ મનન ભાઈ દુધાત્રા અને ૪૫ વર્ષીય હીનાબેન વિકાસભાઈ દુધાત્રાનું દુઃખદ મોત થયુ છે. પોલીસે સમગ્ર બનાવ અંગેની તપાસ શરૂ કરી છે. જો કે, પ્રાથમિક તપાસમાં કૌટુંબિક ઝઘડામાં પરિવારે આ પગલુ ભર્યુ હોવાની પોલીસને જાણકારી મળી છે.

### ગુપ્તકાશી-ગૌરીકુંડ ધોરીમાર્ગ પર ફાટા નજીક તરસાલી ખાતે ભૂસ્ખલન થયું હતું, જેનાથી માર્ગનો ૬૦ મીટરનો વિસ્તાર ધોવાઈ ગયો હતો

# ગાડી પર જ ભૂસ્ખલન થયુ અને ઘટના સ્થળે જ પાંચ લોકોનાં કરૂણ મોત

। અમદાવાદ, તા.૧૨ ।

શહેરના મણિનગરના રહેવાસી જીગર મોદી સહિત પાંચ લોકો હરિદ્વારથી કેદારનાથ કાર લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન ફાટા વિસ્તારમાં ભૂસ્ખલન થયુ હતુ. જેમાં આ કારમાં સવાર પાંચ લોકોનાં મોત થયા હતા. જેમાં ત્રણ ગુજરાતીઓનાં મોત થયાના સમાચાર મળી રહ્યા છે. ગુરુવારે રાત્રે ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભૂસ્ખલન થયુ હતુ. જેના કાટમાળ નીચે કેદારનાથ જઈ રહેલી એક કાર કચડાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ગુજરાતના ત્રણ સહિત કુલ પાંચ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. ગુપ્તકાશી-ગૌરીકુંડ ધોરીમાર્ગ પર ફાટા નજીક તરસાલી ખાતે ભૂસ્ખલન થયું હતું. જેનાથી માર્ગનો ૬૦ મીટરનો વિસ્તાર ધોવાઈ ગયો હતો. શ્રદ્ધાળુઓ એક કારમાં કેદારનાથના પવિત્ર મંદિર જઈ રહ્યા હતા. આ દરમિયાન કાર ફાટા અને સોનપ્રયાગ વચ્ચેના પર્વત પરથી પડતા પથ્થરો નીચે પડતા કાર કચડાઈ ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ ધોધમાર વરસાદના કારણે કામમાં અવરોધ ઊભો થયો હતો.

શુક્રવારે જ્યારે હવામાન ચોખ્ખું થઈ ગયું ત્યારે પાંચ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત અધિકારીઓએ એમ પણ જણાવ્યું કે, મૃતકોની યાદીમાં ગુજરાતનાં જીગર આર મોદી, મહેશ દેસાઈ, પરીખ દિવ્યાંશનાં નામ સામેલ છે, આ સાથે હરિદ્વારના મિન્ટુ કુમાર અને મનીષ કુમારના



પણ મોત થયા છે. નંદન સિંહ રાજવર રુદ્રપ્રયાગ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, શુક્રવારે બચાવ કામગીરી ફરી શરૂ કરીને ભૂસ્ખલનના કાટમાળમાંથી સ્વિફ્ટ ડિઝાયર કાર અને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. પરંતુ ધોધમાર વરસાદના કારણે કામમાં અવરોધ ઊભો થયો હતો. શુક્રવારે જ્યારે હવામાન ચોખ્ખું થઈ ગયું ત્યારે પાંચ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત અધિકારીઓએ એમ પણ જણાવ્યું કે, મૃતકોની યાદીમાં ગુજરાતનાં જીગર આર મોદી, મહેશ દેસાઈ, પરીખ દિવ્યાંશનાં નામ સામેલ છે, આ સાથે હરિદ્વારના મિન્ટુ કુમાર અને મનીષ કુમારના પણ મોત થયા છે. નંદન સિંહ રાજવર રુદ્રપ્રયાગ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, શુક્રવારે બચાવ કામગીરી ફરી શરૂ કરીને ભૂસ્ખલનના કાટમાળમાંથી સ્વિફ્ટ ડિઝાયર કાર અને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

### દીકરીનું નામ વિરલબા પાડવામાં આવ્યું છે

# શહીદ જવાન મહિપાલસિંહ વાળાના ઘરે લક્ષ્મીજી પધાર્યા

### પરિવાર સાથે અમદાવાદમાં રહેતા હતા અને બાળપણથી જ તેમને સેનામાં જોડાવાનો રસ હતો

। અમદાવાદ, તા.૧૨ ।

ઓગસ્ટની શરુઆતમાં અમદાવાદના ૨૭ વર્ષના સેના જવાન મહિપાલસિંહ વાળા શહીદ થયા હતા. જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સાથે થયેલી અથડામણમાં શહીદ થયેલા જવાનના પત્ની પ્રેગનેન્ટ હતા અને તેમણે ૧૧મી ઓગસ્ટની સાંજે બાળકીને જન્મ આપ્યો છે. પત્નીના સીમંત પ્રસંગમાં મહિપાલસિંહ ઘરે આવ્યા હતા અને તે પછી તેઓ બાળકનો જન્મ થાય તેના અઠવાડિયા પહેલા શહીદ થયા હતા. શહીદ જવાન મહિપાલસિંહની દીકરીનું નામ વિરલબા પાડવામાં આવ્યું છે. મૂળ સુરેન્દ્રનગરના મોજીદડા ગામના મહિપાલસિંહનો જન્મ ૧૫ ઓગસ્ટ ૧૯૯૬માં થયો હતો. તેઓ પરિવાર સાથે અમદાવાદમાં રહેતા હતા અને બાળપણથી જ તેમને સેનામાં જોડાવાનો રસ હતો. તેમના પરિવારના સભ્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે મહિપાલસિંહે ધોરણ-૧૨ પાસ કર્યું તે પછી તેમણે સેનામાં જોડાવવા માટેના પ્રયાસ કર્યા હતા અને તેઓ તેમાં સફળ થયા હતા. શહીદ મહિપાલસિંહની દીકરીનો ૧૧ ઓગસ્ટની સાંજે જન્મ થયો હતો. મહિપાલસિંહનો જન્મદિવસ ૧૫મી ઓગસ્ટના દિવસે આવે છે અને જેના કારણે બાળપણથી જ તેમને દેશની રક્ષા માટે કંઈક કરી છૂટવાની ભાવના હતી. પરંતુ તેઓ પોતાનો જન્મદિવસ આવે કે પોતાના બાળકનું મોઢું જુએ તે પહેલા જ શહીદ થઈ ગયા હતા. શહીદ મહિપાલસિંહના પરિવારના સભ્ય અજીતસિંહ વાળાએ ઘટના બની તે દિવસે વાત કરતા જણાવ્યું હતું કે, દેશ આઝાદ થયો તે દિવસે મહિપાલસિંહનો જન્મ થયો હતો અને જ્યારે તેમનો જન્મદિવસ આ દિવસ ઉજવાતો ત્યારે નાનપણથી જ તેમને દેશ પ્રત્યે કંઈક કરી છૂટવાની ભાવના હતી.

### મફત ડાયાલિસિસ કરાવનારાઓ માટે માઠા સમાચાર

# ખાનગી હોસ્પિટલ્સ ૧૪થી ૧૬ ઓગસ્ટ સુધી ડાયાલિસિસ બંધ

### ડાયાલિસિસના ભાવમાં કાપ મૂકવામાં આવતા નારાજ ગુજરાત નેફ્રોલોજી એસો.એ સરકાર સામે બાંયો ચઢાવી

। અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતની સરકારે પીએમજેએવાયયોજના અંતર્ગત ચાલતા ડાયાલિસિસ માટે મળતી રકમ અચાનક જ ૨૦૦૦ માંથી ૧૬૫૦ કરી નાખી છે. તેઓએ છેલ્લા ૮ વર્ષમાં દરમાં વધારો કર્યો નથી પરંતુ તેનાથી વિપરીત ૧૭% ટકા ઘટાડો થયો છે. જેના સામે રાજ્ય સરકાર સમક્ષ વારંવાર રજૂઆત છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા ગુજરાત નેફ્રોલોજી એસોસિયેશને રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી છે અને તેમની માગણી નહીં સંતોષાય તો સરકાર સામેની લડતના ભાગ રૂપે ૧૪થી ૧૬ ઓગસ્ટ સુધી પીએમજેએવાય ડાયાલિસિસ બંધ કરવાની જાહેરાત કરી છે. આ અંગે ગુજરાત નેફ્રોલોજી એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડો. જાવેદ વકીલે જણાવ્યું હતું કે, જો આ પગલાં છતાં સરકાર અમારી માગણીને નજરઅંદાજ કરશે તો અમે ભવિષ્યમાં પીએમજેએવાયમાંતી ખસી જવા સહિતના આકરા પગલાં લઈશું.

ગુજરાત માં મોટા ભાગના ડાયાલિસિસના દર્દીઓ પ ીએમજેએવાયયોજના અંતર્ગત જ ડાયાલિસિસ કરાવે છે. આ યોજના હેઠળ ચાલતા પ્રાઈવેટ સેન્ટર માં ડાયાલિસિસની સાથે સાથે દવાઓ અને ઈન્જેકશનો,લેબ રીપોર્ટસ,સેન્ટ્રલ એસી ની સુવિધા,ખાવાપીવા ની સુવિધા, આવા જવા ના ૩૦૦ રૂપિયા અને કિડની ના નિષ્ણાત સાહેબ દ્વારા તપાસ આ બધું જ મફત આપવામાં આવે છે.



પશ્ચિમ બંગાળ પંચાયત ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસે હિંસાનો આશરો લીધોઃ Pm

### કારેલીબાગમાં મોડી રાત્રે નશાની હાલતમાં કાર ચાલકે સર્જ્યો અકસ્માત

। વડોદરા, તા.૧૨ ।

વડોદરાના કારેલીબાગમાં પાણીની ટાંકી પાસે મોડી રાત્રે નશાની હાલતમાં કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. કાર ધડાકા ભેર વૃક્ષ સાથે ટકરાઈ હતી. ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. અકસ્માત સર્જનાર કાર અમદાવાદ પાસિંગની હતી. અક્રમ ભાઈ નામના ડ્રાઈવરની પોલીસે અટકાયત કરી હતી. કાર પર પોલીસ હાઉસિંગ ઓન ડ્યુટી અને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા લખેલું હતું. આ કાર પોલીસ હેડ ક્વાટર્સની ગાડી હોવાનું ડ્રાઈવરે નિવેદન આપ્યું હતું. ડ્રાઈવરના કહેવા મુજબ, એક્ટિવા ચાલક વચ્ચે આવતા સાઈડમાં કાર દબાવતા અકસ્માત થયો હતો. વડોદરાના ડભોઈ રોડ પર આવેલા કેલનપુર ગામ નજીક ટ્રકની ટક્કર વાગતા સ્કૂટર સવાર બે યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આજવા રોડ જયઅંબે નગરમાં રહેતો ૩૨ વર્ષનો અમિત ગોપાલભાઈ રાઠોડ અને કિશનવાડી ખોડિયાર ચોકમાં રહેતો ૨૮ વર્ષનો પ્રકાશ નરેન્દ્રભાઈ સોની રાતે સ્કૂટર લઈને વડોદરા તરફ આવી રહ્યા હતા.

### મોબાઈલમાં મળેલા કોલ રેકોર્ડિંગના આધારે ફરિયાદ નોંધી

# મંગેતર નર્સિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીના આપઘાત મામલે મંગેતર સામે નોંધાઈ ફરિયાદ

### મંગેતર સગાઈ તોડી નાંખવા તથા નંણદોયા અને તેના મિત્ર દ્વારા અસ્મિતાના હાથપગ બાંધી માર મારવાની ધમકીઓ આપતા હતા

। રાજકોટ, તા.૧૨ ।

રાજકોટમાં નર્સિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થી આપઘાત મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પ્રદ્યુમનનગર પોલીસે મોબાઈલમાં મળેલા કોલ રેકોર્ડિંગના આધારે ફરિયાદ નોંધી છે. મંગેતર, સાસરિપક્ષ દ્વારા દબાણ અને ફોનમાં ધમકીઓ આપતા હોવાનું સામે આવ્યા બાદ સિદ્ધરાજ બારૈયા, નણંદના મંગેતર અને તેના મિત્ર સામે ફરિયાદ નોંધાઈ છે. અસ્મિતા રોજાસરા નામની યુવતિએ ૯ ઓગસ્ટના રોજ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મંગેતર સગાઈ તોડી નાંખવા તથા નંણદોયા અને તેના મિત્ર દ્વારા અસ્મિતાના હાથપગ બાંધી માર મારવાની ધમકીઓ આપતા હતા. રાજકોટના જામનગર રોડ પર મોરબી હાઉસ પાસે આવેલા ક્વાર્ટરમાં રહી સોઢા નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી મૂળ બોટાદના ગઢડા (સ્વામિ)ના ગામની અસ્મિતા પરસોત્તમ રોજાસરા (ઉ.વ.૨૪)એ ત્રણ દિવસ પહેલા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેના પિતાએ મંગેતર સિધ્ધરાજ અરવિંદ બારૈયા (રહે. વડોદરા) સગાઈ તોડી નાખવા માટે ખૂબ જ દબાણ કરતો હોવાથી માનસિક તનાવમાં આવી તેની પુત્રીએ આત્મહત્યા કર્યાની ફરિયાદ પ્રદ્યુમનનગર પોલીસમાં નોંધાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ અસ્મિતા મોટી બેન છાયા કે જે સિવિલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેની સાથે રહી નર્સિંગનો અભ્યાસ કરતી હતી. ગઈ તા. ૯ના રોજ તેણે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેના પિતા પરસોત્તમભાઈ (ઉ.વ. ૪૭)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી છે. બીજા નંબરની પુત્રી અસ્મિતાની બે વર્ષ પહેલા ગઢડાના સાંજણાવદર ગામના સિધ્ધરાજ સાથે સગાઈ કરી હતી. જે વડોદરામાં નોકરી કરે છે. એટલું જ નહીં સિધ્ધરાજ તેની ભાભી સાથે વાતો કરતો હોવાથી તેની દીકરીને તેની સાથે છેલ્લા ત્રણેક મહિનાથી તકરાર ચાલતી હતી. આ વાત તેની પુત્રીએ તેને પણ વાત કરી હતી. પરિણામે તેણે થોડા દિવસ પહેલા સિધ્ધરાજને સમજાવટ કરી હતી. સાથોસાથ એમ પણ કહ્યું હતું કે જો તમારે બંનેને ભળતુ ન હોય તો છુટ્ટુ કરી નાખો. જેથી સિધ્ધરાજે હું મારા માતા-પિતાને પૂછી જવાબ આપીશ તેમ કહ્યું હતું. આ બાબતે વેવાઈ અરવિંદ સાથે પણ વાત કરી હતી. પરંતુ બંનેમાંથી કોઈએ જવાબ આપ્યો ન હતો. તેની પુત્રીને સગાઈ તોડવી ન હતી.આ સ્થિતિમાં ગઈ તા. ૮ના રોજ તેની પુત્રીએ તેને કોલ કરી પૂછ્યું કે જમાઈનો ફોન આવે છે કે કેમ જેની સામે તેણે કહ્યું કે ક્યારેક-ક્યારેક આવે છે.

### ટાટા મોટર્સનો ઈવી પરિવાર હવે ૧ લાખ સાથે મજબૂત હરિત ભવિષ્ય તરફ દ્રઢતાનો નોંધપાત્ર પ્રવાસ

। રાજકોટ, તા.૧૨ ।

ભારતની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદક અને ભારતમાં ઈવી ક્રાંતિની આગેવાન ટાટા મોટર્સ દ્વારા આજ ૧ લાખ ટાટા ઈવીનું અનન્ય માઈલસ્ટોન હાંસલ કર્યું હોવાની ઘોષણા કરી હતી. આ યાદગાર પ્રવાસ હકારાત્મક પ રિવર્તન પ્રેરિત કરવા અને ભારત માટે સક્ષમ ભવિષ્યમાં યોગદાન આપવાની ટાટા મોટર્સની બેજોડ કટિબદ્ધતા અધોરેખિત કરે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ટાટા મોટર્સે ભારતમાં ઈવી ક્રાંતિ લાવીને અસાધારણ પ્રવાસ ખેડ્યો છે. તેની પ્રથમ ૧૦ હજારથી ૧ લાખ ઈવી સુધીન પ્રવાસ અંતર ઓછું કરવા સાથે સતત આગળ વધી રહ્યો છે. છેલ્લી ૫૦,૦૦૦નો આંક ફક્ત ૯ મહિનામાં નોંધાયો છે. આ વિશેષ અવસરની યાદગીરીમાં ટાટા મોટર્સ દ્વારા અદભુત ડ્રોન શો સાથે આકાશને પ્રકાશમાન બનાવી દીધું હતું, જે સપનું સાકાર થવાનો તેનો પ્રવાસ દર્શાવે છે. આ વિશેષ અવસર પર બોલતાં ટાટા મોટર્સ પેસેન્જ વેહિકલ્સ લિ. અને ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી શૈલેષ ચંદ્રાએ જણાવ્યું હતું કે, “આજે ૧ લાખ ટાટા ઈવીના અત્યંત મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોનની અમે ઉજવણી કરી રહ્યા છીએ.


પત્રકાર નિમવાના છે...

આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે..

મનિષ પ્રજાપતિ મો. 70966 59890


### આખું ગામ હિબકે ચઢ્યું

# બગોદરા અકસ્માત : એક સાથે ૬ લોકોની અંતિમયાત્રા નીકળી

### સુણદા ગામે એક સાથે ૬ લોકોની નનામી નીકળી, ગામ આખું હિબકે ચઢ્યું, મૃતદેહોને ગામમાં લવાતા હૈયાફાટ આક્રંદ

। ખેડા, તા.૧૨ ।

અમદાવાદનાં બગોદરા-બાવળા હાઈવે પર ગઈકાલે થયેલા ગોઝારા અકસ્માતમાં ૧૧ જિંદગી બુઝાઈ ગઈ હતી. કપડવંજ તાલુકાના સુણદામાં મોડીરાત્રે મૃતદેહોને ગામમાં લવાતા હૈયાફાટ આક્રંદ છવાયો હતો. એક સાથે ૬ અર્થી ઉઠતા આખું ગામ હિબકે ચઢ્યું હતું. હજારો લોકો અંતિમયાત્રામાં જોડ્યા હતા. પરિવારજનોના હૈયાફાટ રુદનથી સુણદા ગામની ગલીઓમાં ગમગીની છવાઈ હતી. કોણ કોના આંસુ લૂ છે, એવી સ્થિતિ સર્જાઈ હતી. ચોટીલા દર્શન કરી પરત ફરી રહેલા કપડવંજ તાલુકાના સુણદા ગામના પરિવારનો છોટાહાથી એક ટ્રક પાછળ ઘૂસ્યો હતો. આ અકસ્માતમાં ૧૦ લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા અને ૯ લોકોને ઈજા પહોંચી હતી. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન વધુ એકનું મોત થતા મૃત્યુઆંક વધીને ૧૧ થયો છે. આ ગોઝારો અકસ્માત ૧૧ લોકોને ભરખી ગયો છે. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના છેવાડાના ગામ સુણદા ગામે રહેતા ઝાલા પરિવારના ૧૯ જેટલા લોકો પરિવારના સદસ્યની માનતા પૂર્ણ કરવા માટે ચોટીલા ચામુંડા માતાજીના મંદિર ખાતે ગયા હતા ત્યારે આવતા સમયે બગોદરા-બાવળા હાઈવે પર ગોજારો અકસ્માત નડ્યો હતો. અકસ્માત બાદ ગામમાં ભારે સન્નાટો છવાઈ ગયો છે. ગોજારા અકસ્માત બાદ મૃતદેહોને ગામમાં લવાતા હૈયાફાટ આક્રંદ જોવા મળ્યો હતો. ગામમાં મોટાભાગના ઘરે સાંજે ચુલો ન સળગ્યો, પરિવારના પડખે આવી ઉભા રહ્યા હતા. મોડી રાત્રે ગમમાં મૃતદેહો આવ્યા બાદ ગામમાં અંતિમ ક્રિયા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારી કરી દેવામાં આવી હતી. ગામમાં એક સાથે ૬ નનામીઓની સ્મશાન યાત્રા નીકળી હતી. ગામમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. આ સ્મશાન યાત્રામાં ગામમાં ૩ હજારથી વધુ લોકો જોડ્યા હતા. વિસ્તારના ધારાસભ્ય માનસિંહ રાઠોડ પણ આવી પહોંચ્યા હતા. તેમજ કપડવંજ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સાથે dysp, PI અને PSI સાથે પોલીસ કર્મચારી ઓ અને MGVCL કર્મચારીઓ દ્વારા સ્મશાન સુધીના રસ્તાની સુવિધા કરવામાં આવી હતી. ગામના સરપંચ મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, મને સવારે જાણ થતાની સાથે જ હું અને અન્ય વડીલો સાથે ધોળકા પહોંચ્યા હતા. જ્યાં મૃતદેહોની ઓળખાણ કરતા ૬ વ્યક્તિઓ અમારા ગામના હતા. જેમાં બે બાળકો, બે મહિલા અને બે પુરુષના દુઃખ મોત નિપજ્યા હતા, જ્યારે બાકીના લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨